RNI No. GUJGUJ/2008/26148
GARVI GUJARAT
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 18
Issue : 205
Dt.: 07-04-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa



# કોઈ ડીલ નહી થઈ તો આખો દેશ ઉડાવી દઈશું: ટ્રમ્પની નવી ધમકી

## યુદ્ધ વચ્ચે ઈરાને સંકેત આપ્યો છે કે હોર્મુઝ સ્ટ્રેટ હવે તેના નિયંત્રણ હેઠળનું એક વ્યૂહાત્મક હથિયાર બની ગયું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ઈરાન- અમેરિકા યુદ્ધ વચ્ચે ઈરાને સંકેત આપ્યો છે કે હોર્મુઝ સ્ટ્રેટ હવે તેના નિયંત્રણ હેઠળનું એક વ્યૂહાત્મક હથિયાર બની ગયું છે. ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ (IRGC) અનુસાર, પરવાનગી મળ્યા પછી છેલ્લા ૨૪ કલાકમાં ૧૫ જહાજોને સ્ટ્રેટમાંથી પસાર થવાની મંજૂરી આપવામાં આવી હતી. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે અમેરિકા આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગને સંપૂર્ણપણે ફરીથી ખોલવા માટે ઈરાન પર સતત દબાણ કરી રહ્યું છે. જોકે, ઈરાને સ્પષ્ટ કર્યું છે કે આ માર્ગ હવે "સામાન્ય" રહેશે નહીં, ખાસ કરીને અમેરિકા અને ઈઝરાયલ માટે.

આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને કડક ચેતવણી આપી છે. ABC ન્યૂઝ સાથેની એક મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે જો કોઈ કરાર ન થાય તો અમેરિકા "આખા દેશનો નાશ કરી શકે છે." તેમણે એવો પણ સંકેત આપ્યો હતો કે પાવર પ્લાન્ટ અને પુલ જેવા મહત્વપૂર્ણ માળખાને નિશાન બનાવી શકાય છે. ટ્રમ્પે અગાઉની સમયમર્યાદા લંબાવી છે અને મંગળવાર સાંજ સુધી નવું અલ્ટીમેટમ જાહેર કર્યું છે. તેમણે કહ્યું હતું કે ઈરાન પાસે "સોદો કરવા માટે પૂરતો સમય છે", પરંતુ જો તે નહીં થાય તો તેના પરિણામો ગંભીર હશે.

ઈરાને આ ધમકીઓને ફગાવી દીધી છે અને બદલો લેવાની ચેતવણી આપી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બકાઈએ જણાવ્યું હતું કે જો ઈરાનના માળખા પર હુમલો કરવામાં આવશે તો તે તે જ સ્તરે જવાબ આપશે. રસપ્રદ વાત એ છે કે, ઈરાને પણ અમેરિકાને રાજદ્વારી રીતે ઘેરવાનો પ્રયાસ કર્યો છે. ઘણા દેશોમાં ઈરાની દૂતાવાસોએ સોશિયલ મીડિયા પર ટ્રમ્પના નિવેદનોનો જવાબ આપ્યો, તેમની મજાક ઉડાવી, બંને દેશો વચ્ચેના તણાવને વધુ તીવ્ર બનાવ્યો હતો. હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વ માટે મહત્વપૂર્ણ છે, કારણ કે વૈશ્વિક તેલ અને ગેસ પુરવઠાનો મોટો હિસ્સો તેમાંથી પસાર થાય છે. "પસંદગીના જહાજો" માટે ઈરાનની પરવાનગી સૂચવે છે કે તે આ માર્ગનો ઉપયોગ દબાણના સાધન તરીકે કરી રહ્યું છે. ઈરાને દાવો કર્યો છે કે અમેરિકા અને ઈઝરાયલી હુમલાઓએ દેશભરમાં ડઝનબંધ યુનિવર્સિટીઓ, શાળાઓ અને સંશોધન કેન્દ્રોને નુકસાન પહોંચાડ્યું છે. સરકારના પ્રવક્તા ફાતેમા મોહાજેરાનીના જણાવ્યા અનુસાર, ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયું ત્યારથી ૧૦૦,૦૦૦થી વધુ નાગરિક સુવિધાઓ પ્રભાવિત થઈ છે. તેમણે કહ્યું કે "દુશ્મન ઈરાનની સિદ્ધિઓને સહન કરી શકતા નથી." જોકે, આ દાવાઓની સ્વતંત્ર રીતે પુષ્ટી થઈ નથી.

ઈઝરાયલી દરિયાકાંઠે એક બ્રિટિશ યુદ્ધ જહાજ પર હિઝબુલ્લાહ એન્ટી-શિપ મિસાઈલનો હુમલો થયો છે. અહેવાલો સૂચવે છે કે હુમલો આકસ્મિક હતો અને જહાજને નુકસાન થયું હતું. જોકે, બ્રિટન તરફથી કોઈ સત્તાવાર પુષ્ટી મળી નથી. દરમિયાન, આ ઘટના દરિયાઈ મોરચે વધતા ખતરાને દર્શાવે છે, જ્યાં નૌકાદળ સંઘર્ષ હવે વધી રહ્યો છે.



ઈઝરાયલી સૈન્યએ પુષ્ટી કરી હતી કે ઈરાન તરફથી બીજો મિસાઈલ હુમલો કરવામાં આવ્યો છે, જેના કારણે સમગ્ર પ્રદેશમાં ચેતવણી આપવામાં આવી છે. સૈન્ય અનુસાર, સંરક્ષણ પ્રણાલીઓ સક્રિય છે અને આવનારી મિસાઈલોને અટકાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. રહેવાસીઓને મોબાઈલ ફોન દ્વારા એલર્ટ મેસેજ પણ મોકલવામાં આવ્યા છે. સતત થઈ રહેલા હુમલાઓને કારણે તણાવપૂર્ણ પરિસ્થિતિ સર્જાઈ છે, અને નાગરિકોને સતર્ક રહેવા વિનંતી કરવામાં આવી છે.

### પીએમ મોદી આસામના બરપેટામાં આયોજિત રેલીમાં બોલ્યા

## ૧૬ એપ્રિલે સંસદનું વિશેષ સત્ર, મહત્ત્વનું બિલ લાવી રહી છે સરકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)દીસપુર

પીએમ મોદીએ આસામના બરપેટામાં આયોજિત એક વિશાળ ચૂંટણી રેલીમાં દેશની મહિલાઓ માટે એક અત્યંત મહત્ત્વની જાહેરાત કરી છે. પીએમ મોદીએ જણાવ્યું કે, કેન્દ્ર સરકાર આગામી ૧૬ એપ્રિલથી સંસદનું એક વિશેષ સત્ર બોલાવવા જઈ રહી છે. આ સત્રમાં મહિલા અનામત વિધેયક (Womens Reservation Bill)ને લઈને મોટા ફેરફારો કરવામાં આવશે. તેમણે તમામ રાજકીય પક્ષોને અપીલ કરી હતી કે દેશની નારીશક્તિના અધિકારો સાથે જોડાયેલા આ ઐતિહાસિક કાયદાને કોઈ પણ વિરોધ વગર સર્વસંમતિથી પસાર કરવામાં આવે. પીએમ મોદીએ સ્પષ્ટ કર્યું કે આ બિલથી પૂર્વોત્તર કે દક્ષિણ ભારતના રાજ્યોમાં બેઠકો ઘટશે નહીં, કારણ કે સરકાર મહિલાઓ માટે વધારાની બેઠકો અને કુલ બેઠકોની સંખ્યા વધારવા પર કામ કરી રહી છે.

પીએમ મોદીએ જણાવ્યું કે, દેશની દીકરીઓ અને બહેનોના અધિકારો માટે સરકાર આગામી ૧૬ એપ્રિલથી સંસદનું વિશેષ સત્ર બોલાવી રહી છે. વડાપ્રધાને સ્પષ્ટતા કરી હતી કે આ બિલથી કોઈ પણ રાજ્યને નુકસાન થશે નહીં. ખાસ કરીને દક્ષિણ ભારત અને પૂર્વોત્તરના રાજ્યો, જ્યાં વસ્તી નિયંત્રણ સફળ રહ્યું છે, ત્યાં પ્રતિનિધિત્વ ઘટશે એવી અફવાઓ પર પૂર્ણવિરામ મૂકતા તેમણે કહ્યું કે, અમે મહિલાઓ માટે વધારાની બેઠકોની વ્યવસ્થા કરી રહ્યા છીએ. હાલની બેઠકોની સંખ્યામાં વધારો કરવામાં આવશે જેથી કોઈના હક છીનવાશે નહીં. પીએમ મોદીએ તમામ રાજકીય પક્ષોને આ કાર્યમાં સહકાર આપવા વિનંતી કરી છે. તેમણે અસમના બહેનોને ખાસ અપીલ કરી કે તેઓ તમામ પક્ષોના નેતાઓ પર દબાણ લાવે જેથી આ કાયદો સર્વસંમતિથી પસાર થઈ શકે. તેમણે આરોપ લગાવ્યો કે કેટલાક લોકો આ ઉમદા કાર્ય વિશે ભ્રમ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ આ બિલ સમગ્ર દેશના હિતમાં છે. ભારતીય સંસદના ઈતિહાસમાં આ સૌથી મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલા જ બેઠકો વધારવા અને ૩૩% બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનો પ્રસ્તાવ રજૂ કરવાની તૈયારી છે. રિપોર્ટ મુજબ, હાલ લોકસભાની બેઠકો ૫૪૩ છે જે વધારીને ૮૧૬ કરવામાં આવી શકે છે, જેમાંથી ૨૭૩ બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે. સરકાર નારી શક્તિ વંદના અધિનિયમ અને સીમાંકન કાયદામાં ફેરફાર કરવા માટે સંસદમાં બે અલગ-અલગ બિલ લાવવાની યોજના બનાવી રહી છે. આ માટે ભાજપ અને શિવસેના(UBT) વચ્ચે ચર્ચા થઈ ચૂકી છે, જ્યારે અન્ય પ્રાદેશિક પક્ષો સાથે પણ વાતચીત ચાલી રહી છે. નોંધનીય છે કે, આ જ મોડેલ રાજ્યોની વિધાનસભાઓમાં પણ લાગુ કરવાની સરકારની યોજના છે. મહિલા અનામત બિલ એટલે કે, નારી શક્તિ વંદન અધિનિય ૨૦ સપ્ટેમ્બર-૨૦૨૩માં લોકસભામાં અને ૨૧ સપ્ટેમ્બરે રાજ્યસભામાં પાસ થયું હતું. ત્યારબાદ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ તેને મંજૂરી આપી દીધી હતી. જોકે આ કાયદો કંઈ તારીખથી લાગુ કરવાનો છે, તે હજુ સુધી નક્કી કરાયું નથી. કેન્દ્ર સરકાર નોટિફિકેશન દ્વારા આ કાયદો લાગુ કરશે અને જરૂર પડશે તો તેમાં ફેરફાર પણ કરી શકે છે.

આ સાથે જ વિપક્ષ પર આકરા પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું કે, આ વખતે આસામની જનતા બે મોટા નિર્ણયો લેવા જઈ રહી છે.

પહેલો નિર્ણય એ છે કે રાજ્યમાં ભાજપ-એનડીએ સરકારની જીતની હેટ્રિક નક્કી છે, અને બીજો એ કે દિલ્હીમાં બેઠેલો શાહી પરિવાર આ વખતે પોતાની હારનું શતક ફટકારશે. કોંગ્રેસ પર નિશાન સાધતા તેમણે ઉમેર્યું કે, કોંગ્રેસે હંમેશા ટૂંકા ગાળાની રાજનીતિ કરી ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપ્યું છે, જ્યારે ભાજપ મહત્ત્વના અને દીર્ઘકાલીન વિકાસના કાર્યો કરી રહી છે. છેલ્લી વસ્તી ગણતરી અને સીમાંકનની રાહ જોવાને બદલે, સરકાર ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે જ આ પ્રક્રિયા પૂર્ણ કરવા માંગે છે જેથી ૨૦૨૯ પહેલા મહિલાઓને તેમનો હક મળી શકે.

ભાજપના સ્થાપના દિવસ નિમિત્તે વડાપ્રધાને પક્ષના કાર્યકર્તાઓને પણ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે, ભાજપ રાષ્ટ્ર પ્રથમના મંત્ર સાથે અને આધુનિક વ્યૂહનીતિના સથવારે આત્મનિર્ભર ભારત તરફ આગળ વધી રહી છે. બરપેટાની રેલીમાં ઉમટેલી અભૂતપૂર્વ ભીડનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ આસામની મહિલાઓને ખાસ વિનંતી કરી હતી કે તેઓ તમામ પક્ષના નેતાઓ પર આ મહિલા અનામત કાયદો પસાર કરાવવા માટે દબાણ બનાવે.

### ઈરાન વિરુદ્ધ અપશબ્દનો પ્રયોગ કરતા ટ્રમ્પ વિવાદમાં

## અમેરિકામાં ઉઠી રાષ્ટ્રપતિ ટ્રમ્પને હટાવવાની માંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ઈરાન વિરુદ્ધ અપશબ્દ બોલી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફસાઈ ગયા છે. અમેરિકામાં વિપક્ષી સાંસદો તરફથી તેમની વિરુદ્ધ ૨૫મા સંશોધન હેઠળ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની માંગ ઉગ્ર બની છે. ઓછામાં ઓછા ૫ સાંસદોએ ટ્રમ્પને હટાવવા માટે આ કાયદાનો ઉપયોગ કરવાની માંગ કરી છે. આ સાંસદોનું કહેવું છે કે ટ્રમ્પ પોતાના કર્યત્વોને નિભાવવામાં અક્ષમ છે. તેમને ખુરશીમાંથી હટાવવાનો એકમાત્ર વિકલ્પ છે. અમેરિકામાં રાષ્ટ્રપતિને હટાવવા કે હટવાને લઈને ૨૫મા સંશોધનમાં વિસ્તારથી જણાવવામાં આવ્યું છે. આ કાયદા હેઠળ જો રાષ્ટ્રપતિને હટાવવામાં આવે તો ઉપરાષ્ટ્રપતિ બાકી સમય માટે તેમનો કાર્યભાર ગ્રહણ કરે છે.

ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે એ પોતાની એક પોસ્ટમાં ઈરાનને લઈને વિવાદાસ્પદ શબ્દનો ઉપયોગ કર્યો, જેનાથી અમેરિકી વિપક્ષના સાંસદ ભડકી ગયા છે. યુએસ સ્ટેટ પ્રતિનિધિ બેક્કા બાલિંટે એક પોસ્ટમાં કહ્યું- ઓબામા કે બાઈડેને આ પ્રકારની વાત કહી હોત તો રિપબ્લિકન શું કરત? બધા લોકો તેમને હટાવવાની માંગ કરતા. હું પણ ટ્રમ્પને હટાવવાની માંગ કરુ છું. સીનેટર ક્રિસ મર્ફીએ પોસ્ટ કરી લખ્યું- જો હું ટ્રમ્પ કેબિનેટમાં હોત તો ૨૫મં સંશોધન લાગૂ કરવા માટે તેમના વકીલો સાથે વાત કરત. ટ્રમ્પ લોકોની હત્યા કરવામાં લાગ્યા છે. આ રીતે કોંગ્રેસ સભ્ય યાસ્મીન અંસારીએ પોસ્ટમાં લખ્યું- રાષ્ટ્રપતિ ટ્રમ્પ પાગલ થઈ ગયા છે. તેમની વિરુદ્ધ પ્રસ્તાવ લાવવાનો આ યોગ્ય સમય છે. કારણ કે ટ્રમ્પને કારણે દુનિયા ખતરામાં છે.

અમેરિકામાં રાષ્ટ્રપતિને પદથી હટાવવા/હટવાને લઈને ૨૫મા સંશોધન હેઠળ એક કાયદો પસાર કરવામાં આવ્યો હતો. તેમાં રાષ્ટ્રપતિના અચાનક મોત કે અસમર્થ થવા પર આગળના વિકલ્પ વિશે જણાવવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિના હટવા કે હટાવવા પર ઉપરાષ્ટ્રપતિ તેમના પદને બાકીના કાર્યકાળ સુધી સંભાળી શકે છે. આ કાયદાને અમલમાં લાવવા માટે પહેલા કેબિનેટે એક પ્રસ્તાવ લાવવાનો હોય છે. રાષ્ટ્રપતિ જો તેનો વિરોધ કરે તો તેને સંસદમાં લઈ જવામાં આવે છે. સીનેટ અને કોંગ્રેસના જો ૨/૩ સભ્યો આ પ્રસ્તાવને મંજૂર કરે તો રાષ્ટ્રપતિએ ખુરશી છોડવી પડે છે. એક્સપ્રેસ યુકે પ્રમાણે ટ્રમ્પે ઈરાન વિરુદ્ધ વિવાદાસ્પદ નિવેદન આપ્યા બાદ ત્રણ દિવસની રજા લીધી છે.

### ભાજપના સ્થાપના દિવસ પર પીએમ મોદીએ કહ્યું

## દરેક પડકારનો સામનો કરવા ભારતીય જનતા પાર્ટી પ્રયાસ કરી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય જનતા પાર્ટીનો આજે ૪૭મો સ્થાપના દિવસ છે. આ અવસરે ભાજપ કાર્યકર્તાઓને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાર્ટીના આગામી બે સૌથી મોટા ટાર્ગેટ જણાવ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે, ભારતીય જનતા પાર્ટી અત્યાર સુધી ત્રિપલ તલાકનો કાયદો, CAA અને અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ જેવા મોટા લક્ષ્યો હાંસલ કરી ચૂકી છે. આના પછીનો નંબર યુનિફોર્મ સિવિલ કોડ અને વન નેશન વન ઈલેક્શનનો છે.



તેમણે કહ્યું કે હવે આવા વિષયો પર દેશમાં ગંભીરતાથી ચર્ચા થઈ રહી છે.ભાજપ સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણયોનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે, "આખો દેશ જાણે છે કે દરેક પડકારનો સામનો કરવા માટે ભારતીય જનતા પાર્ટી પ્રામાણિકતાથી પ્રયાસ કરી રહી છે અને આગળ પણ કરશે. અગાઉ પણ સકારાત્મક પરિણામો મળ્યા છે અને આગળ પણ મળશે." તેમણે કહ્યું કે, અંગ્રેજોના સમયના સેંકડો કાળા કાયદાઓનો અંત, લોકતંત્ર માટે નવા સંસદ ભવનનું નિર્માણ, સામાન્ય સમાજના ગરીબો માટે ૧૦ ટકા આરક્ષણ, કાનૂન બનાવીને ત્રિપલ તલાક પર પ્રતિબંધ, CAA, અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ... આવા અનેક કામ છે, જે ભાજપના પ્રામાણિક પ્રયાસોનું પરિણામ છે અને અમારું મિશન હજુ પણ ચાલુ છે. યુનિફોર્મ સિવિલ કોડ, વન નેશન વન ઈલેક્શન - આવા તમામ વિષયો પર આજે દેશમાં ગંભીર ચર્ચા થઈ રહી છે." પીએમ મોદીએ ભાજપની યાત્રાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, "રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિશાળ અને પવિત્ર વટવૃક્ષની નીચે અમને સ્વચ્છ દાનત સાથે રાજનીતિમાં પગ મૂકવાની પ્રેરણા મળી. પછી શરૂઆતના કેટલાક દાયકાઓમાં અમે સંગઠન માટે નીતિઓ નક્કી કરવામાં અમારી ઊર્જા વાપરી. ત્યારબાદ એવો સમય આવ્યો જ્યારે ભાજપે પૂર્ણ નિષ્ઠાથી પોતાને એક શક્તિશાળી કેડર આધારિત પાર્ટી બનાવવામાં ઝોંકી દીધી." તેમણે કહ્યું કે, "અમે કાર્યકર્તાઓનો એવો વિશાળ કેડર ઊભો કર્યો, જેમનામાં સેવાભાવનાથી કામ કરવાનું સમર્પણ હતો, જેમણે પાર્ટીના સિદ્ધાંતોને પોતાના જીવનનું આદર્શ બનાવ્યું અને જેમણે કોઈ પણ પરિસ્થિતિમાં પોતાના મૂલ્યો સાથે સમાધાન સ્વીકાર્યું નથી."

## ઈન્ટેલિજન્સ ચીફ માજિદ ખાદેમીનું US-ઈઝરાયલના એરસ્ટ્રાઈકમાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે છેલ્લા ૩૮ દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે, ત્યારે ઈરાને વધુ એક ટોચના અધિકારી ગુમાવ્યા છે. રિપોર્ટ મુજબ, અમેરિકા-ઈઝરાયલે આજે ઈરાન પર ભયાનક હુમલા કર્યા છે, જેમાં ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કૉર્પ્સ(IRGC)ના ઈન્ટેલિજન્સ ચીફ જનરલ મજીદ ખાદમીનું મોત થયું છે. ઈરાને ખાદમીના મોતની પુષ્ટિ કરી છે, તો આ મુદ્દે ઈઝરાયલે સત્તાવાર નિવેદન જાહેર કર્યું છે. IRGCએ પોતાની ટેલિગ્રામ ચેનલ પર પોસ્ટ કરીને ખાદમીનું મોત થયું હોવાની માહિતી આપી છે. પોસ્ટમાં લખાયું છે કે, 'અમેરિકા-ઈઝરાયેલના હુમલામાં, દુશ્મને આજે (૬ એપ્રિલ) સવારે કરેલા આતંકવાદી હુમલામાં IRGCના ગુપ્ત સંગઠનના ચીફ મેજર જનરલ મજીદ ખાદમી શહીદ થયા છે.'ઈઝરાયલના સંરક્ષણ મંત્રી ઈઝરાયલી કાર્ટજે કહ્યું કે, ઈઝરાયલે હુમલો કરતાં ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડના કોરના ઈન્ટેલિજન્સ વડાનું મોત થયું છે. જ્યારે ઈઝરાયલ ડિફેન્સ ફોર્સે (IDF) ટ્વિટર હેન્ડલ પર પોસ્ટ કરી છે કે, 'IRGCના ઈન્ટેલિજન્સ ચીફ માજિદ ખાદેમીના નિધનના સમાચાર સામે આવ્યા છે.

### પ. બંગાળના મુખ્યપ્રધાનની કાર્યકરોને અપીલ

## મતદાન પછી ઈવીએમ બદલાઈ જવાનું જોખમ, ૨૪ કલાક સતર્ક રહેજો

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળનાં મુખ્યપ્રધાન મમતા બેનર્જીએ મુર્શિદાબાદમાં એક જનસભાને સંબોધી હતી. આ સભામાં તેમણે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનનો મુદ્દો ઉઠાવ્યો હતો. મમતાએ પોતાના સમર્થકોને જણાવ્યું હતું કે તમામ વોટિંગ મશીનોની સારી રીતે તપાસ કરો.

બૂથ એજન્ટે પણ ઈવીએમની સારી રીતે તપાસ કરવી જોઈએ. મને તેમની યોજનાની ખબર છે. વોટિંગ પછી સીઆરપીએફ અને કેન્દ્રીય દળોની નજર હેઠળ તે સ્ટ્રોંગ રૂમમાં જઈને મશીન બદલી શકે છે. તેથી આપણે ૨૪ કલાક નજર રાખવી પડશે.મમતાએ લોકોને અપીલ કરી હતી કે મતદાર યાદીમાંથી લોકોનાં નામ કાપી નાખવાનો બદલો લેવા માટે મતદાન કરો. તૃણમુલ કોંગ્રેસ પ્રમુખે જણાવ્યું છે કે એસઆઈઆર પ્રક્રિયા દરમિયાન જે લોકોનાં નામ મતદાર યાદીમાંથી કાપી નાખવામાં આવ્યા છે તે લોકો ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ કરે. શમશેરગંજમાં એક રેલીને સંબોધતા મમતાએ જણાવ્યું હતું કે લોકોનાં નામ કાપી નાખવાનો બદલો લેવા માટે અને એસઆઈઆર સામે વિરોધ દર્શાવવા માટે મતદાન કરો. ઉલ્લેખનીય છે કે મુર્શિદાબાદ જિલ્લો વકફ એમેન્ડમેન્ટ એક્ટ સામેના દેખાવો દરમિયાન ફાટી નીકળેલી હિંસાનું કેન્દ્ર હતું. બેનર્જીએ તૃણમુલ કાર્યકરોને પરિણામનાં દિવસ ચોથી મે સુધી સતર્ક રહેવા જણાવ્યું છે. પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી ૨૩ અને ૨૯ એપ્રિલ એમ બે તબક્કામાં થશે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની તરફ ઈશારો કરતા બેનર્જીએ આરોપ મૂક્યો હતો કે એસઆઈઆર પ્રક્રિયા દરમિયાન મતદારોનાં નામ કાપવા પાછળ તેમનો જ હાથ હતો. તેમણે જણાવ્યું હતું કે તેમનામાં હિંમત હોય તો ડાયરેક્ટ મુકાબલો કરે.



દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની માહિતી મેળવવા માટે આજે જ ગરવી ગુજરાત ગુજરાતી ચેનલ નિહાળો

# તંત્રી લેખ......

## મહિલા અનામત અંગેની ચિંતાઓનો ઉકેલ લાવવો જોઈએ

મોદી સરકાર લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં ૩૩% મહિલા પ્રતિનિધિત્વની બંધારણીય જોગવાઈને ઝડપથી લાગુ કરવા માંગે છે. આ સંદર્ભમાં, નારી શક્તિ વંદન અધિનિયમ, ૨૦૨૩, આગામી વસ્તી ગણતરી પછીના સીમાંકન પછી જ લાગુ કરવામાં આવશે. વસ્તી ગણતરી ૨૦૨૭ માં હાથ ધરવામાં આવશે, અને સીમાંકન ૨૦૨૮ માં હાથ ધરવામાં આવશે. આમાં બે વર્ષ લાગશે. આ સ્થિતિમાં, મહિલા અનામત ફક્ત ૨૦૩૦ માં અને ૨૦૩૪ માં લોકસભાની ચૂંટણીઓમાં લાગુ કરવામાં આવશે. પરિણામે, મહિલાઓને ૩૩ ટકા રાજકીય હિસ્સો પૂરો પાડવામાં ૮ થી ૧૧ વર્ષ લાગશે. પરિણામે, મોદી સરકાર સીમાંકનની જરૂરિયાતમાંથી મહિલા અનામતને મુક્તિ આપવા અને તેને ટૂંક સમયમાં લાગુ કરવા માંગે છે.

વિધાનસભા અને લોકસભામાં અડધા વસ્તીને પ્રતિનિધિત્વ આપવાની આ પહેલ સ્વાગતપાત્ર છે. વર્તમાન સીમાંકન મુજબ, હાલમાં તમામ રાજ્યોમાં ૪,૧૨૩ ધારાસભ્યો છે, જેમાંથી ૩૯૨ મહિલાઓ છે. ૩૩ ટકા અનામત સાથે, આ સંખ્યા વધીને ૧,૩૦૦ થી વધુ થશે. વર્તમાન લોકસભામાં ૭૫ મહિલાઓ છે. અનામત બાદ, ૨૦૨૯ ની લોકસભા ચૂંટણીમાં ૧૮૧ મહિલાઓ ચૂંટાશે. આ મહિલા રાજકીય સશક્તિકરણ માટે એક ઐતિહાસિક તક હશે. દરમિયાન, તે પ્રશ્ન પણ ઉઠાવે છે: શું સામાન્ય મહિલાઓ આ બાબતથી વાકેફ છે? શું આ તકનો લાભ લેવા માટે તેમને સક્ષમ બનાવવા માટે કોઈ પ્રોત્સાહનો, શિક્ષણ અને તાલીમ ઉપલબ્ધ છે? શું એવું બની શકે છે કે મહિલાઓ માટે અનામત બેઠકો ફક્ત રાજકીય પરિવારોની મહિલાઓ દ્વારા જ ભરાય? શું ફક્ત વર્તમાન સાંસદો, ધારાસભ્યો અને શક્તિશાળી નેતાઓના પરિવારોની મહિલાઓ જ આનો લાભ લેશે? પંચાયતો અને મ્યુનિસિપલ સંસ્થાઓમાં આવું જ બન્યું છે. મહિલા ઉમેદવારોની પસંદગીમાં રાજકીય પક્ષો કેવા અભિગમ અપનાવે છે તેના પર ઘણું નિર્ભર રહેશે. જો તેઓ ફક્ત જીતી શકાય તેવી મહિલા ઉમેદવારો શોધે છે, તો ભયજનક પરિણામ આવશે.

એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે મહિલાઓની ભાગીદારી ફક્ત હાજરી સુધી મર્યાદિત ન રહે. તેમણે વિધાનસભાનું માળખું, તેની કામગીરી, તેને સંચાલિત કરતા નિયમો અને નિયમો, ચર્ચા કુશળતા, નીતિનિર્માણની જટિલતાઓ, વિવિધ સરકારી મંત્રાલયોની કામગીરી, નિર્ણય લેવા માટે જરૂરી બંધારણીય અને કાનૂની જ્ઞાન, દેશ અને વિદેશમાં ગંભીર મુદ્દાઓની સમજ અને શાસક પક્ષ અને વિપક્ષના લોકશાહી ધોરણોને પણ સમજવું જોઈએ. તેઓ તેમના મતવિસ્તારોને લગતા મુદ્દાઓ ઉઠાવવા અને રાજ્ય અને રાષ્ટ્રીય વિકાસ અને સુરક્ષા જેવા મુદ્દાઓ પર પોતાના મંતવ્યો વ્યક્ત કરવા સક્ષમ હોવા જોઈએ.

નવા ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓએ એ પણ સમજવું જોઈએ કે તેઓ ગૃહમાં મહિલા જૂથ તરીકે કાર્ય કરી શકશે નહીં. બંધારણના ૫૨મા સુધારા, પક્ષપલટા વિરોધી અધિનિયમ (૧૯૮૫) ને કારણે, તેઓ તેમના સંબંધિત પક્ષોના નિર્દેશોથી બંધાયેલા રહેશે. તેમણે તેમના પક્ષના વ્હીપ્સની સૂચનાઓ અનુસાર ગૃહમાં સંચાલન અને મતદાન કરવું પડશે. અન્યથા, તેમની સભ્યપદ સમાપ્ત થઈ જશે. મહિલા અનામત લાગુ કરવાનો એક પાસું એ હશે કે તે દરેક રાજ્યમાં પુરુષ ઉમેદવારો માટે ઉપલબ્ધ બેઠકો અને વિકલ્પોની સંખ્યા ઘટાડશે. મહિલાઓ બધી બેઠકો પરથી ચૂંટણી લડી શકશે, જ્યારે પુરુષો ફક્ત "બિન-મહિલા" બેઠકો પરથી જ ચૂંટણી લડી શકશે. આ પરિસ્થિતિ તમામ પક્ષો માટે પડકારજનક રહેશે. તેનાથી રાજકીય પક્ષોમાં અસંતોષ અને વિભાજન થઈ શકે છે. ચૂંટણી પંચને પણ પડકારનો સામનો કરવો પડશે. ૧૦૬મો સુધારો મહિલાઓ માટે બેઠકો અનામત રાખવા માટે કોઈ આધાર પૂરો પાડતો નથી. કમિશન મહિલા બેઠકોની સંખ્યા કેવી રીતે નક્કી કરશે?

### પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી

## અમદાવાદ, રાજકોટ,વડોદરા RTOને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી

**પોલીસ દ્વારા બોમ્બ-ડોગ સ્કવોડને સાથે રાખીને તપાસ કરવામાં આવી હતી પરંતુ કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ, રાજકોટ અને વડોદરા RTOને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે. ઈ-મેઈલ મારફતે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. બપોરે બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈમેઈલ મળ્યો હતો. ધમકી મળતા તમામ RTO ખાલી કરાવવામાં આવ્યા હતા. અધિકારીઓ-કર્મચારી, અજરદારોને બહાર કઢાયા હતા. હાલમાં તમામ RTOમાં પોલીસ દ્વારા બોમ્બ-ડોગ સ્કવોડને સાથે રાખીને તપાસ કરવામાં આવી હતી પરંતુ હજુ સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી. ટેસ્ટ માટે આવેલા અરજદારોને બહાર કઢાયા હતા.

પોલીસે અફવાથી દૂર રહેવા લોકોને અપીલ કરી હતી. અગાઉ કોર્ટ, સ્કૂલો, એરપોર્ટને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી ચૂકી છે. પોલીસ તપાસમાં હજુ સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી. ધમકીભર્યા ઈમેઈલના કારણે સુરક્ષાના ભાગરૂપે તાત્કાલિક આખી કચેરી ખાલી કરાવી દેવામાં આવી હતી, જેના કારણે અરજદારોમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ધમકીની જાણ થતાં જ અમદાવાદ RTOએ પોલીસને જાણ કરી હતી. જાણ થતાં જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. સંભવિત જોખમને ટાળવા માટે તાત્કાલિક કચેરીમાં કામ કરતા કર્મચારીઓ અને વિવિધ કામકાજ અર્થે આવેલા અરજદારોને બહાર કાઢવામાં આવ્યા હતા. ડ્રાઈવિંગ લાયસન્સ માટે ટ્રેક પર ટેસ્ટ આપવા આવેલા અનેક ઉમેદવારોની કામગીરી પણ અધવચ્ચે અટકાવી દેવામાં આવી હતી અને સલામતી ખાતર તેમને પરત મોકલી દેવાયા હતા.

રાજકોટની RTO કચેરીને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. જેને લઈને RTO કચેરી ખાલી કરાવવામાં આવી છે અને બોમ્બ-ડોગ સ્ક્વોડ ઘટનાસ્થળે પહોંચી છે. ડોગ સ્ક્વોડની મદદથી RTO કચેરીના દરેક રૂમ, લોબી, પાર્કિંગ એરિયા અને ટ્રેક વિસ્તારની તપાસ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી અમદાવાદની અનેક શાળાઓ, કોલેજો, પાસપોર્ટ ઓફિસ તેમજ ગ્રામ્ય કોર્ટને પણ આ પ્રકારે બોમ્બની ધમકીઓ મળી ચૂકી છે. બોમ્બથી ઉડાવી દેવાની ધમકી બાદ સુરત RTOમાં તકેદારીના ભાગરૂપે તપાસ હાથ ધરવામાં આવી હતી. SOG દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. જોકે સુરત RTOને અત્યારસુધી ધમકી ભર્યો કોઈ મેઈલ મળ્યો નથી. છતાં SOGએ તકેદારીના ભાગરૂપે તપાસ શરૂ કરી હતી.

### સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય ચૂંટણી-૨૦૨૬

## અમદાવાદમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે શાળાના વિદ્યાર્થીઓએ ચિત્ર અને લેખન સ્પર્ધા દ્વારા મતદાન જાગૃતિ ફેલાવી

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ના સંદર્ભમાં અમદાવાદના નાગરિકોમાં મતદાન પ્રત્યે જાગૃતિ આવે તેવા આશયથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ અને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દ્વારા આજે અમદાવાદની વિવિધ શાળાઓમાં 'લોકશાહીના મહાપર્વ' નિમિત્તે વિવિધ રચનાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આગામી ૨૬ એપ્રિલ, ૨૦૨૬ના રોજ યોજાનાર સામાન્ય ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે માટે 'સ્વેપ' (Systematic VOers' Awareness Plan-SVAP) અભિયાન અંતર્ગત ચિત્ર અને નિબંધ લેખન સ્પર્ધાઓની સાથે સામૂહિક મતદાન જાગૃતિ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

આ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ 'શિક્ષિત મતદાતા, સચેત મતદાતા', 'મારો મત, મારી તાકાત' અને 'મારો મત, લોકશાહીનો આધાર' જેવા વિષયો પર પોતાની કલા અને વિચારોના માધ્યમથી મતદાનનું મહત્વ સમજાવ્યું હતું. વધુમાં, વિદ્યાર્થીઓએ લોકશાહીના આ ઉત્સવમાં પોતાની ભાગીદારી નોંધાવતા મતદાન કરવા માટેના પવિત્ર શપથ ગ્રહણ કર્યા હતા, જેનો મુખ્ય હેતુ સમાજના દરેક વર્ગને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા પ્રેરિત કરવાનો છે. વિશેષ રીતે, શાળાના વિદ્યાર્થીઓની દ્વિતીય સત્રાંત કસોટીના અભ્યાસ કે સમયપત્રકને કોઈ પણ જાતની ખલેલ પહોંચાડ્યા વિના આ પ્રવૃત્તિઓનું અત્યંત સુચારૂ આયોજન કરવામાં આવ્યું હતું.

## જેતલસર જંક્શન રેલવે સ્ટેશન 'અમૃત ભારત સ્ટેશન યોજના'માં સમાવેશ




ભારતીય રેલવેના આધુનિકીકરણ તથા યાત્રિયોને ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે રેલવે બોર્ડ દ્વારા પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ હેઠળ આવેલા જેતલસર જંક્શન રેલવે સ્ટેશનને 'અમૃત ભારત સ્ટેશન યોજના'માં સામેલ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું કે જેતલસર જંક્શન સ્ટેશનના સર્વાંગી વિકાસ માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. આ સુધારણા દ્વારા સ્ટેશનની મૂળભૂત સુવિધાઓમાં સુધારો થશે અને મુસાફરોને આધુનિક તથા સુધારેલી સુવિધાઓ ઉપલબ્ધ થશે.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ 'અમૃત ભારત સ્ટેશન યોજના' અંતર્ગત જેતલસર જંક્શનનું પુનર્વિકાસ આધુનિક ધોરણો મુજબ કરવામાં આવશે. પ્રસ્તાવિત કામોમાં આધુનિક મુસાફર પ્રતીક્ષાલય, સ્વચ્છતા સુવિધાઓ, પાર્કિંગ વિસ્તારનો વિસ્તાર, સ્ટેશન બિલ્ડિંગના આગળના ભાગનું સૌંદર્યીકરણ, નવા કવર શેડ, દિવ્યાંગજન માટે અનુકૂળ આધુનિક શૌચાલય બ્લોક, પીવાનું પાણી માટેના બૂથ અને વોટર કૂલર, આધુનિક પ્લેટફોર્મ, સરળ અવરજવર વ્યવસ્થા, ડિજિટલ માહિતી પ્રણાલી, દિવ્યાંગજન અનુકૂળ સુવિધાઓ, પૂરતી અને આધુનિક લાઈટિંગ તથા સ્ટેશન પરિસરની સુંદરતા વધારવાના કામોનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે ભાવનગર મંડળમાં 'અમૃત ભારત સ્ટેશન યોજના' અંતર્ગત અગાઉ લગભગ રૂ.૧૧૯ કરોડના ખર્ચે ૧૭ સ્ટેશનો પર વિકાસ કાર્ય પ્રગતિ પર છે, જે લગભગ પૂર્ણતાની નજીક છે. હવે જેતલસર જંક્શનના સમાવેશથી આ યોજનામાં વિકાસ પામનારા સ્ટેશનોની સંખ્યા વધીને ૧૮ થઈ ગઈ છે. જેતલસર સ્ટેશનના પુનર્વિકાસ માટે રૂ.૧૬.૩૨ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે, જેના કારણે યોજનાનો કુલ ખર્ચ રૂ.૧૩૫.૩૨ કરોડ થયો છે. આ પહેલથી મુસાફરોને સુરક્ષિત, સરળ અને આરામદાયક મુસાફરીનો અનુભવ મળશે તેમજ વિસ્તારના સામાજિક અને આર્થિક વિકાસને પણ નવી દિશા મળશે. ભારતીય રેલવે દ્વારા દેશભરના મુખ્ય સ્ટેશનોને આધુનિક રૂપ આપવા માટે 'અમૃત ભારત સ્ટેશન યોજના' એક મહત્વપૂર્ણ અને દુરંદેશી પહેલ છે, જેમાં જેતલસર જંક્શનનો સમાવેશ થવો વિસ્તાર માટે ગૌરવની બાત છે.

### ખડગેના નિવેદનને મુખ્યમંત્રીએ વખોડ્યું

## આવા નિવેદન કોંગ્રેસ પાર્ટીની સંકુચિત માનસિકતા દર્શાવે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર



પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીને લઈ હવે રાજકીય પક્ષો વચ્ચે આરોપ પ્રત્યારોપની રાજનીતિ ચરમસીમા પર પહોંચી છે. કેરલમમાં પ્રચાર દરમિયાન કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધતા ગુજરાતીઓનું અપમાન કરી દીધું હતું. સભાને સંબોધતા મલ્લિકાર્જૂન ખડગેએ ગુજરાતીઓને કથિત રીતે અભણ ગણાવ્યા હતા. સાથે જ PM મોદી પર શાબ્દિક પ્રહાર કર્યા કે કેરલમની જનતાને તમે મૂર્ખ નહીં બનાવી શકો.

તો ખડગેના વિવાદાસ્પદ નિવેદન બાદ ભાજપ લાલઘૂમ થયું છે. ગુજરાતના લોકો અંગે ખડગેએ આપેલા નિવેદનને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અત્યંત આપત્તિજનક અને દુર્ભાગ્યપૂર્ણ ગણાવ્યું હતું. મુખ્યમંત્રીએ લખ્યું કે આ પ્રકારની ટિપ્પણી માત્ર છ કરોડ ગુજરાતીઓનું જ અપમાન નહીં પરંતુ મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવી મહાન વ્યક્તિઓની પવિત્ર ધરતીની ગૌરવને પણ ઠેસ પહોંચાડે છે. આવા નિવેદનો કોંગ્રેસની સંકુચિત માનસિકતા દર્શાવે છે. તો નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ ખડગેના નિવેદનને વખોડ્યું હતું.

ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ કહ્યું કે મલ્લિકાર્જુન ખડગે ભાન ભૂલ્યા છે. વિશ્વકર્માએ જબરજસ્ત પલટવાર કરતા કહ્યું કે ખડગેના આવા નિવેદનથી કોંગ્રેસની ગુજરાત વિરોધી માનસિકતા બહાર આવી છે. ખડગેનું આ નિવેદન માત્ર ગુજરાતીઓ જ નહી મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલનું પણ અપમાન છે. જો ખડગે અને ગુજરાત કોંગ્રેસ માફી નહી માંગે તો જનતા જવાબ આપશે. કેરળમાં એક જનસભાને સંબોધતા કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સીધો વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમાં તેમણે ગુજરાતની પ્રજાનું અપમાન કરી દીધું. ખડગેએ પોતાના ભાષણમાં કહ્યું કે, "કેરળના લોકોને ગેરમાર્ગે દોરવાનું કે ભટકાવવાનું કામ ન કરશો. અહીંના લોકો ખૂબ જ હોંશિયાર અને ભણેલા ગણેલા છે. મોદીજી અને વિજયન (કેરળના મુખ્યમંત્રી), તમે બંને એવા લોકોને મૂર્ખ બનાવી શકો છો જેઓ ગુજરાતમાં કે અન્ય સ્થળોએ અભણ છે પરંતુ તમે કેરળના લોકોને મૂર્ખ બનાવી શકતા નથી."

તેમણે આગળ કહ્યું કે, "કેરળના લોકો માત્ર કેરળમાં જ સીમિત નથી, તેઓ આખી દુનિયામાં ફેલાયેલા છે, કામ કરી રહ્યા છે અને ભારતને પૈસા પણ મોકલી રહ્યા છે."

## ભરૂચ સબ જેલની એ-૪ બેરેકમાંથી ૪ મોબાઈલ ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

ભરૂચ સબ જેલની સુરક્ષામાં ગાબડું પડ્યું હોવાની ઘટના સામે આવી છે. જેલમાં કેદીઓ છૂપી રીતે મોબાઈલનો ઉપયોગ કરતા હોવાની શંકાના આધારે ઝડતી સ્ક્વોડ દ્વારા આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ સર્ચ ઓપરેશન દરમિયાન જેલના બેરેકમાંથી એક-બે નહીં પરંતુ કુલ ૪ મોબાઈલ ફોન મળી આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. ઘટનાની મળતી માહિતી અનુસાર, ભરૂચ સબ જેલની છ-૪ બેરેકમાં જ્યારે તપાસ કરવામાં આવી, ત્યારે બાથરૂમની દીવાલ પર અત્યંત ચતુરાઈથી સંતાડવામાં આવેલા ૪ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. જેલના નિયમોનું ઉલ્લંઘન કરીને આ મોબાઈલ જેલની અંદર કેવી રીતે પહોંચ્યા તે એક મોટો તપાસનો વિષય બન્યો છે. આ ઘટના બાદ એ-૪ બેરેકમાં રહેલા તમામ કેદીઓની સઘન પૂછપરછ શરૂ કરવામાં આવી છે. આ મોબાઈલ કોણ લાવ્યું હતું અને તેનો ઉપયોગ કયા હેતુ માટે કરવામાં આવતો હતો, તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે. જેલ પ્રશાસન દ્વારા આ મામલે ભરૂચ બી ડિવિઝન પોલીસ મથકમાં વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

## ગાંધીનગરના જુના સચિવાલય ની કચેરીમાં કરોડોનુ ગ્રાન્ટ કૌભાંડ : ૪.૯૫ કરોડ ની બારોબાર ઉચાપત

**વ્યવસ્થિત આયોજનબધ્ધ રીતે આચરાયુ કૌભાંડ : જાગૃત નાગરીક ની સતર્કતાથી ભાંડો ફુટયો : મુખ્ય સુત્રધાર વિદેશ ભાગી છુટયો**

પ્રતિનિધિ,ગાંધીનગર



ગાંધીનગરની સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર અને કૌભાંડોના કિસ્સાઓ સમયાંતરે બહાર આવતા રહે છે. પરંતુ આ વખતે જુના સચિવાલય જેવી સંવેદનશીલ જગ્યાએથી એક મસમોટુ કૌભાંડ પકડાયુ છે. સમાજના વંચિત અને પછાત વર્ગોના કલ્યાણ માટે ફાળવવામાં આવેલી કરોડો રૂપીયાની સરકારી ગ્રાન્ટમાં ૪.૯૫ કરોડ રૂપીયાની બારોબાર ઉચાપત થઈ હોવાની વિગતો બહાર આવતા સમગ્ર સચિવાલય સંકુલમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

સુત્રોના કહેવા પ્રમાણે જુના સચિવાલયના બ્લોક નં. ૧૬ માં આવેલી કચેરીમાં આ સમગ્ર ખેલ ખેલાયો હતો. આ કોઈ નાનો મોટો છુટો છવાયો બનાવ નથી, પરંતુ છેલ્લા ૪ વરસથી અત્યંત વ્યવસ્થિત અને આયોજનબધ્ધ રીતે આ કૌભાંડ ચલાવવામાં આવતુ હતું.

કૌભાંડીઓએ વેલફેર એકિટવિટીઝ માટે આવતી સરકારી ગ્રાન્ટ મેળવવા માટે મંજુરીની ફાઈલોમાં બોગસ દસ્તાવેજ અને નકલી પુરાવાઓ ઉભા કર્યા હતા. આ રકમ કોઈપણ રોકટોક વગર સીધે સીધી ખાનગી એજન્સીઓના ખાતામાં ટ્રાન્સફર કરી દેવામાં આવતી હતી અને ત્યારબાદ આ નાણાંનો અંગત સ્વાર્થ માટે ઉપયોગ કરવામાં આવતો હતો, આ મસમોટા આર્થિક કૌભાંડનો પર્દાફાશ એક જાગૃત અરજદાર દ્વારા કરવામાં આવ્યો હતો. આ અરજદારે મહેનત કરીને તમામ દસ્તાવેજી પુરાવાઓ એકત્ર કર્યા હતા અને પોલીસ સમક્ષ રજુ કર્યા હતા. પોલીસની પ્રાથમિક ચકાસણીમાં આ આક્ષેપોમાં તથ્ય જણાતા તાત્કાલીક ધોરણે ગુન્હો નોંધીને તપાસનો ધમધમાટ તેજ કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં કચેરીના જ એક ઉચ્ચ અધિકારી, કેટલાક કર્મચારીઓ અને ૩ થી ૪ ખાનગી એજન્સીઓની સંડોવણી હોવાનુ બહાર આવ્યુ છે. આ કૌભાંડનો મુખ્યસુત્રધાર પોલીસની ધરપકડ થી બચવા માટે વિદેશ ભાગી છુટયો છે. તેને પરત લાવવા માટે હવે રેડ કોર્નર નોટીસ જેવી કાયદાકીય પ્રક્રિયા હાથ ધરવામાં આવી શકે છે. હાલમાં ગાંધીનગર પોલીસ દ્વારા આ મામલે ગુન્હો દાખલ કરીને ખાનગી રાહે તપાસ શરૂ કરવામાં આવી છે. આગામી દિવસોમાં તપાસ દરમિયાન કૌભાંડનો આંકડો વધવાની અને અન્ય મંત્રીઓના કાર્યાલય સુધી પહોચવાની પુરેપુરી શકયતા છે.

### અમેરિકામાં પેટ્રોલ ૨૦૨૨ પછી સૌથી મોંઘું

## ક્રૂડ ઓઈલમાં ભડકો: ટ્રમ્પની ધમકી બાદ $110ને પાર

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાનના 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' અને ઊર્જા મથકો પર હુમલાની ધમકી આપ્યા બાદ વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં જોરદાર ઉછાળો આવ્યો છે. રવિવારે આંતરરાષ્ટ્રીય માર્કેટમાં તેલની કિંમતોમાં ૧.૮% સુધીનો વધારો નોંધાયો છે.ટ્રમ્પના નિવેદન બાદ ગ્લોબલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૪% વધીને ૧૧૦.૬૦ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. જ્યારે યુએસ ક્રૂડ ૧.૮% ના વધારા સાથે ૧૧૩.૬૦ ડોલર પર ટ્રેડ થઈ રહ્યું છે. નિષ્ણાતો માની રહ્યા છે કે જો હોર્મુઝનો જળમાર્ગ જલ્દી નહીં ખુલે તો ભાવ હજુ પણ વધી શકે છે.યુદ્ધ અને સપ્લાયમાં અવરોધને કારણે અમેરિકામાં સામાન્ય જનતા પર મોંઘવારીનો માર પડ્યો છે.ડેટા મુજબ, રવિવારે અમેરિકામાં ગેસની સરેરાશ કિંમત વધીને ૪.૧૧ ડોલર પ્રતિ ગેલન થઈ ગઈ છે, જે ૨૦૨૨ પછીનું સૌથી ઉંચું સ્તર છે. યુદ્ધ શરૂ થયા બાદ અમેરિકામાં ઈંધણના ભાવમાં લગભગ ૩૮% નો જંગી વધારો થયો છે.ટ્રમ્પે અગાઉ ૨૧ માર્ચે આપેલું અલ્ટીમેટમ વધારીને હવે ૬ એપ્રિલ કર્યું છે. જોકે, ટ્રમ્પના દાવાઓથી ઉલટું ઓમાનના વિદેશ મંત્રાલયે રવિવારે ઈરાન સાથે આ જળમાર્ગમાંથી જહાજોને સુરક્ષિત રીતે પસાર થવા દેવા અંગે ચર્ચા કરી છે, જેથી વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાય નહીં.બીજી તરફ, ઈરાનના વરિષ્ઠ અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી યુદ્ધમાં થયેલા નુકસાનની પૂરેપૂરી ભરપાઈ કરવામાં નહીં આવે, ત્યાં સુધી હોર્મુઝનો માર્ગ ફરીથી ખોલવામાં આવશે નહીં. ઈરાનના આ કડક વલણને કારણે આગામી દિવસોમાં તેલના ભાવ વધુ ભડકે તેવી શક્યતા છે.

## IPL મેચ પર અનેક જગ્યાએ સટ્ટો રમતા સટોડિયા ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

વસ્ત્રાપુરમાં આવેલા એક બંગલોમાં ક્રાઈમ બ્રાંચે રેડ પાડીને ક્રિકેટ મેચના સટ્ટા માટે આઈડી ખરીદીને વેચાણ કરતા છ આરોપીઓને ઝડપી લીધા હતા. જે બાદ વિવિધ વિસ્તારોમાંથી મેચના દિવસે પણ સટોડિયાઓની પોલીસે ધરપકડ કરી છે. સાબરમતી, ચાંદખેડા સહિતના વિસ્તારોમાંથી પોલીસે સટોડિયાઓને ઝડપી પાડ્યા છે. આ તમામ લોકો ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની આઈપીએલ મેચ પર સટ્ટો રમતા હતા. પકડાયેલામાંથી એક આરોપી તો માસ્ટર આઈડી સાથે સ્ટેડિયમમાં બેસીને સોદા કર્યા હોવાનું ખૂલ્યું છે.શનિવારે યોજાયેલી ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની આઈપીએલ મેચ પર સટ્ટો રમતા અનેક સટોડિયા પોલીસના હાથે ઝડપાયા છે. પોલીસે કાળીગામ તળાવ પાસેથી ધવલ મહેતા (રહે. પૂર્ણપુરષોત્તમ સોસા., રાણીપ)ને ઝડપી લીધો હતો. આરોપી પાસેથી મળેલા ફોનમાં સટ્ટાના સોદા મળી આવ્યા હતા. તેની પૂછપરછમાં રાણીપમાં રહેતા અનિલ ઠાકોર પાસેથી આઈડી ખરીદ્યું હોવાનું જણાયું છે. જ્યારે પોલીસે મોટેરામાંથી અરુણ સોની (રહે. નવા વાડજ)ને પણ સટ્ટો રમતા ઝડપી લીધો હતો. આરોપીએ સોશિયલ મીડિયામાં આવતી વેબસાઈટ પરથી આઈડી ખરીદ્યું હોવાનું જણાયું છે. આ ઉપરાંત નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં જે બ્લોકમાં અપર બેઠકમાંથી એક શખ્સને પોલીસે ઝડપી લીધો હતો.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - સોમવાર, ૦૬/૦૪/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૩૬૭૭ | ૪૦૦.૦૦ | ૭૦૦.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૧,૦૪૦.૦૦ | ૧,૫૦૫.૦૦ |
| ૩ | એરંડા | ૪૬૩ | ૧,૨૫૦.૦૦ | ૧,૨૬૮.૦૦ |
| ૪ | રાયડો | ૩૨ | ૧,૨૩૧.૦૦ | ૧,૨૮૫.૦૦ |
| ૫ | મકાઇ | ૨૮૦ | ૩૨૫.૦૦ | ૩૯૦.૦૦ |
| ૬ | ચણા | ૧૯૯ | ૧,૦૩૦.૦૦ | ૧,૧૫૦.૦૦ |
| ૭ | ચણા ( કાબુલી ) | ૧૧૮ | ૧,૫૮૬.૦૦ | ૧,૮૪૩.૦૦ |
| ૮ | ડાંગર | ૨૫ | ૪૬૦.૦૦ | ૪૯૪.૦૦ |
| ૯ | તમાકુ | ૧૦૧૨૦ | ૧,૨૦૦.૦૦ | ૨,૧૦૦.૦૦ |
| ૧૦ | તમાકુ (ગારીયુ) | ૮૦૦ | ૮૫૦.૦૦ | ૧,૨૦૦.૦૦ |
| ૧૧ | સોયાબીન | ૫ | ૧,૦૦૦.૦૦ | ૧,૦૫૧.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: ક્રૂડ તેલના વાયદામાં સેંકડા ઘટ્યા: સોનાના વાયદામાં રૂ.૧૩૬૭ અને ચાંદીના વાયદામાં રૂ.૩૦૦૦નો ઉછાળો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૫૪૨૯.૫૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૩૫૩૨.૬૨ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૬૩૫૬.૩૪ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૬૦૭૨ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૧૮૯૬૩.૪૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૫૪૨૯.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૯૩૫૩૨.૬૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૬૦૭૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૯૭૭.૮૯ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૬૩૫૬.૩૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૮૮૪૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૧૩૯૦ અને નીચામાં રૂ.૧૪૮૨૯૮ના મથાળે અથડાઈ, રૂ.૧૪૯૬૮૦ના આગલા બંધ સામે રૂ.૧૩૬૭ વધી રૂ.૧૫૧૦૪૭ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૯૬૮ વધી રૂ.૧૨૦૨૮૦ થયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૩૬ વધી રૂ.૧૫૦૭૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૭૦ વધી રૂ.૧૪૯૬૧૦ થયો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૭૭૯૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૦૨૯૦ અને નીચામાં રૂ.૧૪૭૧૩૭ના સ્તરને સ્પર્શી, રૂ.૧૪૮૫૩૯ના આગલા બંધ સામે રૂ.૧૩૮૫ વધી રૂ.૧૪૯૯૨૪ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૩૦૭૧૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૩૬૩૯૦ અને નીચામાં રૂ.૨૨૯૬૫૧ના મથાળે અથડાઈ, રૂ.૨૩૨૪૯૫ના આગલા બંધ સામે રૂ.૩૦૦૦ વધી રૂ.૨૩૫૪૯૫ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૨૪૫૫ વધી રૂ.૨૩૮૧૦૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૨૩૮૦ વધી રૂ.૨૩૮૧૩૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૦૯૮.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૧૫.૩૫ વધી રૂ.૧૧૭૦.૪૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૧.૩ વધી રૂ.૩૨૪.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.૧.૭૫ વધી રૂ.૩૫૬.૧ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો ૯૦ પૈસા વધી રૂ.૧૯૬.૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૬૮૧૪.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૯૬૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૦૦૦ અને નીચામાં રૂ.૪૭૯૦ના સ્તરને સ્પર્શી, રૂ.૪૫૮ ઘટી રૂ.૪૮૦૫ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૧૦૩૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૫૧૦ અને નીચામાં રૂ.૧૦૧૬૨ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૪૦૮ના આગલા બંધ સામે રૂ.૧૫૩ ઘટી રૂ.૧૦૨૫૫ થયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૧૫૨ ઘટી રૂ.૧૦૨૫૧ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨.૮ વધી રૂ.૨૬૬.૮ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૨.૮ વધી રૂ.૨૬૬.૮ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૧૦૫૦ના ભાવે ખૂલી, રૂ.૩.૭ ઘટી રૂ.૧૦૪૭.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.૭૫૦ વધી રૂ.૨૮૧૦૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૫૫૦ના ભાવે ખૂલી, રૂ.૫ ઘટી રૂ.૨૫૮૧ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૫૮૦.૨૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૪૭૭૬.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૬૦૫.૯૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૦૨.૧૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦.૦૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૧૭૬.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩૫.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૨૭૬.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫૦૩.૧૧ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧૪.૫૦ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૪૨ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૬૨ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૦૦૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૬૭૯૯ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૬૫૯૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૭૪૨૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૨૬૯૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૦૯૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૯૩૯૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૫૩૨૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૩૪૩ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૩૩૫૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૮૦૦૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૬૦૦૨ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૬૧૦૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૦૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૪૭ પોઈન્ટ વધી ૩૬૦૭૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૧૩૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૮.૭ ઘટી રૂ.૧૫૨.૧ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩૫ વધી રૂ.૧૩.૮ થયો હતો.


સોનું એપ્રિલ રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૮ વધી રૂ.૫૯૮.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦ ઘટી રૂ.૯૬૪ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૬૮ વધી રૂ.૧૮.૧૧ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૫ પૈસા ઘટી રૂ.૪.૮૪ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૧૩૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૯.૨૫ ઘટી રૂ.૧૫૭.૧૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૪ વધી રૂ.૧૪.૧૫ થયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૮ વધી રૂ.૧૪૫૮ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪ ઘટી રૂ.૧૦૦૦ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૫ વધી રૂ.૩૬૮.૭ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૬ ઘટી રૂ.૧૬.૭૫ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨.૫ વધી રૂ.૩૩૦ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૯.૫ ઘટી રૂ.૪૫૮.૫ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૧૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭.૩૬ ઘટી રૂ.૨૦.૮૧ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૧.૭૫ વધી રૂ.૭૭૪.૯૫ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૧૫ ઘટી રૂ.૧૪.૪ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧૩.૫ ઘટી રૂ.૩૩૬૬ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૮.૫ ઘટી રૂ.૯૩૭ના ભાવે બોલાયો હતો.




# ચુંટણીમાં ઉમેદવારોની પહેલી યાદી જાહેર થતા જ કોંગ્રેસમાં કકળાટ: રોષે ભરાયેલા કાર્યકરોને કાબુમાં રાખવા કોંગ્રેસે પ્રદેશ કાર્યાલય પર મુકયા બાઉન્સરો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં કોર્પોરેશન, જીલ્લા પંચાયત સહિતની સ્થાનિક સ્વરાજયની ચુંટણીનુ બ્યુગલ વાગી ચુકયુ છે. ભાજપ દ્વારા વિસ્તાર વાઈઝ નિરીક્ષકોની ટીમો ગોઠવીને ઉમેદવારોની પસંદગી માટે સેન્સ લેવાની પ્રક્રિયા ચાલી રહી છે. એવામાં ગુજરાત કોંગ્રેસે આ ચુંટણીના જંગમાં ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરીને સાયકોલોજીકલ જીત હાંસલ કરવાનો એક દાવ નાંખ્યો છે.



જો કે કોંગ્રેસનો આ દાવ ઉંધો પડયો અને તેમના જ પક્ષના આગેવાનો અને કાર્યકરોમાં ઉમેદવારોની પહેલી યાદી જાહેર થતા જ ભારે રોષ ફાટી નિકળ્યો છે. એવામાં પ્રદેશના નેતાઓને પ્રોટેકટ કરવા માટે બોડીગાર્ડની મદદ લેવાઈ છે. રોષે ભરાયેલા કાર્યકરો કોઈ હોબાળો ન કરે તે આશય થી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે સ્થિતિ રીતસર બાઉન્સરોની ફોજ ઉતારવામાં આવી છે.

આમ ગુજરાતમાં ચુંટણી પહેલા રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોચ્યો છે.

કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પહેલી યાદી જાહેર થતા જ આંતરીક અસંતોષનો ભય ઉભો થયો છે. જેના કારણે અમદાવાદના ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે બાઉન્સર ગોઠવવાની ફરજ પડી છે. તો બીજી તરફ સુરતમાં આમ આદમી પાર્ટીની યાદી પણ વિવાદોમાં સપડાઈ છે. જેના કારણે બંને મુખ્ય વિરોધ પક્ષો પર સવાલો ઉભા થયા છે.

ગુજરાત કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પહેલી યાદી જાહેર થતા જ પાર્ટી અંદર અસંતોષ અને બળવો થવાની શકયતા બહાર આવી છે. આ પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને પાલડી સ્થિત કોંગ્રેસ કાર્યાલય ખાતે ખાસ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મળતી માહિતી મુજબ કાર્યકરોના વેશમાં બાઉન્સર તૈનાત કરવામાં આવ્યા છે. જેથી કોઈ પ્રકારનો વિરોધ કે હંગામો ન થાય, પાર્ટી કાર્યાલય ખાતે કોઈ કાર્યકર બળવો કરે અથવા ઉગ્ર પ્રતિક્રિયા આપે તે પહેલા જ તેને નિયંત્રણમાં લઈ શકાય. તે માટે આ પગલુ લેવામાં આવ્યુ છે. આ ઘટનાથી સ્પષ્ટ થાય છે કે ઉમેદવારી ફાળવણીને લઈને કોંગ્રેસમાં આંતરીક અસંતોષ ઉભો છે અને નેતૃત્વે પરીસ્થિતિને નિયંત્રિત કરવા માટે કડક પગલા લીધા છે.

કોંગ્રેસની યાદી સાથે જોડાયેલો એક વધુ વિવાદ ત્યારે સામે આવ્યો જયારે અસારવા બેઠકના ઉમેદવાર વિજય પટણીની ઉમેદવારી રદ કરવામાં આવી, માહિતી મુજબ તેમના ૩ સંતાન હોવાને કારણે નિયમો અનુસાર તેઓ ચુંટણી લડી શકતા નથી, જેના કારણે તેમની ઉમેદવારી રદ કરાઈ છે, આ નિર્ણય બાદ પણ પાર્ટીમાં ચર્ચાઓ તેજ બની છે અને ઉમેદવારી પ્રક્રિયા પર સવાલો ઉભા થયા છે.

# ખેડામાં ભાજપના ધારાસભ્ય કલ્પેશ પરમારનો ભત્રીજો જુગારધામ ચલાવતા ઝડપાયો : સ્ટેટ વિજીલન્સે રેડ પાડી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને લઈ તમામ રાજકીય પક્ષો સક્રિય થયા છે અને માહોલ ગરમાયો છે. ત્યારે ખેડા જિલ્લાના માતર તાલુકામાંથી એક ચોંકાવનારા સમાચાર બહાર આવ્યા છે. માતરના ભારતીય જનતા પાર્ટી ના ધારાસભ્ય કલ્પેશ પરમારના જ ગામ ભલાડામાં સ્ટેટ વિજીલન્સની ટીમે ત્રાટકીને ચાલતા જુગારધામનો પર્દાફાશ કર્યો છે. આ દરોડામાં ધારાસભ્યનો સગો ભત્રીજો મુખ્ય આરોપી તરીકે ઝડપાતા રાજકીય આલમમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. મળતી માહિતી અનુસાર માતર તાલુકાના ભલાડા ગામે હરસિધ્ધિ ફળીયા નજીક આવેલા એક ખુલ્લા ખેતરમાં મોટા પાયે જુગાર રમાતો હોવાની ચોકકસ બાતમી સ્ટેટ વિજીલન્સ પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે રેડ પાડતા જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. જો કે પોલીસે કોર્ડન કરીને સ્થળ પરથી કુલ ૧૬ જુગારીઓને રંગે હાથ ઝડપી લીધા હતા. આ અડ્ડો રાજેશ ઉર્ફે લાલો ગુલાબ પરમાર દ્વારા ચલાવવામાં આવતો હતો. જે બહાર થી લોકોને બોલાવીને જુગાર રમાડતો હતો, આ મામલે સૌથી ચોંકાવનારી બાબત એ બહાર આવી છે કે પકડાયેલ



મુખ્ય આરોપી રાજેશ પરમાર સ્થાનિક ધારાસભ્ય કલ્પેશ પરમારનો સગો ભત્રીજો છે. ધારાસભ્યના પોતાના જ ગામમાં અને તેમના નજીકના સંબંધી દ્વારા જ ગેરકાયદે પ્રવૃત્તિ ચલાવવામાં આવતી હોવાની વાત બહાર આવતા સ્થાનિક રાજકારણમાં જાણે ભુકંપ આવ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ચુંટણી ટાંણે જ સત્તાધારી ભાજપ પક્ષના ધારાસભ્યના પરીવારજનની આવી સંડોવણી બહાર આવતા વિરોધ પક્ષો અને સ્થાનિક લોકોમાં વિવિધ તર્કવિતર્ક થઈ રહ્યા છે. સ્ટેટ વિજીલન્સની ટીમે આ કાર્યવાહી દરમિયાન સ્થળ પરથી કુલ ૨૨.૩૬ લાખ રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જેમાં ૩.૨૦ લાખ રૂપીયા રોકડા, મોબાઈલ ફોન અને અન્ય વાહનોનો સમાવેશ થાય છે, પોલીસે તમામ ૧૬ આરોપીઓની અટકાયત કરી છે અને આ મામલે લીંબાસી પોલીસ મથકે કાયદેસરનો ગુન્હો નોંધી આગળની તપાસ અને કાર્યવાહી હાથ ધરી છે. એક તરફ જયારે રાજય સરકાર કાયદો અને વ્યવસ્થાની કડક અમલવારીની વાતો કરી રહી છે. ત્યારે સત્તાધારી ભાજપ પક્ષના જ ધારાસભ્યના ભત્રીજા સામેની આ કાર્યવાહી ચર્ચાનો વિષય બની છે. સ્થાનિક સ્વરાજયની ચુંટણી પહેલા જ આ ઘટનાને પગલે માતર ના રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને લઈ તમામ રાજકીય પક્ષો સક્રિય થયા છે અને માહોલ ગરમાયો છે. ત્યારે ખેડા જિલ્લાના માતર તાલુકામાંથી એક ચોંકાવનારા સમાચારો પ્રાપ્ત થતા રાજકીય આલમમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.

# મહીસાગર નદીમાં નહાવા પડેલા વેટરનરી કોલેજના ૪ વિદ્યાર્થીઓ ડૂબ્યા, બેના કરૂણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ


આણંદ જિલ્લાના ખરેડા ગામ નજીક વહેતી મહીસાગર નદીમાં રવિવારે એક મોટી દુર્ઘટના સર્જાી હતી. આણંદની વેટરનરી કોલેજમાં અભ્યાસ કરતા ચાર મિત્રો રજાના દિવસે મહીસાગર નદીમાં નહાવા માટે ગયા હતા.


નહાતી વખતે પાણીના પ્રવાહનો અંદાજ ન આવતા ચારેય યુવાનો નદીમાં ડૂબવા લાગ્યા હતા. આ સમયે આસપાસના સ્થાનિકોની નજર પડતા તેઓ તાત્કાલિક બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા.

સ્થાનિક તરવૈયાઓએ ભારે જહેમત બાદ બે યુવાનોને સુરક્ષિત રીતે બહાર કાઢી બચાવી લીધા હતા, પરંતુ અન્ય બે યુવાનો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. શોધખોળ બાદ ડૂબી ગયેલા બંને યુવકોના મૃતદેહ મળી આવ્યા છે.

પ્રાથમિક વિગતો મુજબ, મૃતક યુવાનો આણંદની વેટરનરી કોલેજમાં અભ્યાસ કરતા હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાને પગલે કોલેજ કેમ્પસ અને વિદ્યાર્થીઓના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. સ્થાનિક પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દારૂ તથા જુગારના બોર્ડ માટે મળો : ખાખી ને બદનામ કરવાનુ ષડયંત્ર ? વડાલીના રોડ રસ્તા પર ફેંકાઈ હજારો પત્રિકાઓ






પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના વડાલી શહેરમાં ગઈ કાલે મોડી રાત્રે બનેલી એક ઘટનાએ સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચાવી મુકી છે. મોડી રાત્રે બાઈક પર આવેલા કેટલાક અજાણ્યા શખ્સોએ શહેરના વિવિધ વિસ્તારોમાં પોલીસ અને રાજકારણીઓને બદનામ કરતી હજારો પત્રિકાઓ ફેંકી હતી, આ પત્રિકાઓમાં રાજયના ઉચ્ચ પોલીસ અધિકારીઓથી લઈને ધારાસભ્ય સુધીના પદોનો ઉલ્લેખ કરીને ગંભીર અને વાંધાજનક લખાણ લખવામાં આવ્યુ છે.

આ પત્રિકામાં સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે તેમાં પોરબંદરમાં ફરજ બજાવતા અને મુળ વડાલીના વતની એવા એક પોલીસ કોન્સ્ટેબલની તસવીર અને મોબાઈલ નંબર છાપવામાં આવ્યો છે, પત્રિકામાં દારૂ અને જુગાર જેવી ગેરકાયદે પ્રવૃત્તિઓ માટે પરમીશન અપાવવાની અને પોલીસ સેટીંગ હોવાની વાતો લખવામાં આવી છે, પ્રાથમિક દ્રષ્ટીએ આ લખાણ કોઈને વ્યકિતગત રીતે અને પોલીસ તંત્રને સામાજિક રીતે બદનામ કરવાના ઈરાદે તૈયાર કરાયુ હોય તેવુ જણાય છે. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ સતર્ક બની છે. જે પોલીસ કર્મીનુ નામ પત્રિકામાં છે તેમણે પોતે પણ આ ષડયંત્ર રચનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. હાલમાં વડાલી પોલીસે શહેરના વિવિધ માર્ગો પર લાગેલા સીસીટીવી કુટેજ મેળવવાની તજવીજ હાથ ધરી છે. જેથી બાઈક પર પત્રિકાઓ ફેંકવા આવેલા યુવકોની ઓળખ કરી શકાય, આ પ્રકારની પત્રિકાઓના કારણે સ્થાનિક રાજકારણમાં પણ ગરમાવો આવી જવા પામ્યો છે. કારણ કે તેમાં એસપી થી લઈને ધારાસભ્ય સુધીના લોકોના સેટીંગ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. પોલીસ આ મામલે ઉંડાણપુર્વક તપાસ કરી રહી છે કે આ કૃત્ય પાછળ કોઈ અંગત અદાવત છે કે પછી સોશીયલ મીડીયા અને જાહેર જીવનમાં અરાજકતા ફેલાવવાનુ કોઈ મોટુ ષડયંત્ર.

# ભાજપનો ગઢ હોવા છતાં ઉમરેઠ હારવાનો ડર છે? કેમ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાને ટીકીટ આપવાની જરૂર પડી ?

## પક્ષ વિરૂધ્ધ કામ કરનારને ટીકીટ કેમ આપવી પડી : પિતાને કારણે હર્ષદ પરમાર સહાનુભુતિ વોટ પણ મેળવી શકે છે

પ્રતિનિધિ,ગાંધીનગર

ઉમરેઠ વિધાનસભા પેટા ચુંટણી માટે ભાજપ કોંગ્રેસ બંનેએ પોતાના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. હવે ઉમરેઠ બેઠક પર હર્ષદ પરમાર સામે ભૃગુરાજસિંહ ચૌહાણની લડાઈ છે. આ બેઠક પર ભાજપે ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. તો ફોર્મ ભરતા સમયે ભાજપનુ શકિતપ્રદર્શન પણ સૌએ જોયુ, ભાજપનો ગઢ ગણાવતી આ બેઠક પર આખરે ભાજપને કેમ સ્ટાર પ્રચારકોના ધાડેધાડા ઉતારવા પડયા,




હર્ષદ પરમારને ટીકીટ આપીને ભાજપે પરીવારવાદનો પોતાનો જ નિયમને અનુસર્યો નથી, આખરે કેમ હર્ષદ પરમાર ની પસંદગી કરવી પડી, પાછળ ભાજપના ચોકકસ ગણિત હોવાનુ કહેવાય છે, રાજકીય વિશ્લેષકોના મતે ભાજપનો આ નિર્ણય સહાનુભુતિ લહેર સાથે સંગઠન શકિતનુ આયોજન ઉભુ કરવાની દિશામાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. સાથે જ પિતાને કારણે હર્ષદ પરમાર સહાનુભુતિ વોટ પણ મેળવી શકે છે.

નહી તો એક સમયે પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર હર્ષદ પટેલને ટીકીટ આપવા પાછળ શું કારણ હોઈ શકે, બીજુ એ પણ કે શું ભાજપને ઉમરેઠ બેઠક હારવાનો ડર પણ છે ? ઉમરેઠ બેઠક લાંબા સમયથી ભાજપનો ગઢ છે. પરંતુ છતાં અહીં હર્ષદ પરમાર ને ટીકીટ આપી ઈમોશનલ કાર્ડ રમવા પાછળ શું કારણ હોઈ શકે, ઉમરેઠ ની પેટા ચુંટણીમાં ભાજપે સ્વર્ગસ્થ ગોવિંદ પરમારના પુત્ર હર્ષદ પરમારને ટીકીટ આપી છે, મુખ્યમંત્રીની હાજરીમાં હર્ષદ પરમારે વિજય મુહુર્તમાં ફોર્મ ભર્યુ, ભાજપે આ સમયે શકિત પ્રદર્શન પણ કર્યુ હતું, ભાજપે પિતાની જગ્યાએ હવે પુત્રને ટીકીટ આપી છે, પરંતુ અહીં ચોંકાવનારી બાબત એ છે કે હર્ષદ પરમાર પર ભુતકાળમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારનુ પણ લેબલ લાગેલુ છે. સામાન્ય રીતે પક્ષ વિરૂધ્ધ પ્રવૃત્તિ કરનાર ને ટીકીટ આપવી એ ભાજપના નિયમોની વિરૂધ્ધ છે. કારણ કે સ્થાનિક કક્ષાએ વિરોધ થતો હોય છે. પક્ષ પણ આવા વ્યકિતઓથી અંતર જાળવણી હોય છે. પરંતુ તેમ છતાં હર્ષદ પરમારને ટીકીટ મળી છે.

ઉમરેઠ ને જીતવુ છે એટલે ભાજપે પિતાની જગ્યાએ પુત્રની પસંદગી પર કળશ ઢોળ્યો તેવુ અંદરખાને કહેવાય છે. ગોવિંદ પરમારનુ નિધન હાલમાં જ થયુ હોવાથી દિકરાને વોટ પણ સરળતાથી મળી શકશે તેવી ભાજપની સ્ટ્રેટેજી હોઈ શકે, આમ વોટબેંકની રાજનીતીમાં હર્ષદ પરમાર ફાવી ગયા છે. પિતાના મૃત્યુ બાદ ખાલી પડેલી બેઠક પર પુત્રને ટીકીટ આપી ભાજપે મતદારોના ઈમોશનલ કાર્ડ ખેલ્યુ છે અને મતદારો પાસેથી લાભ લેવાનો પ્રયાસ કરશે. મોટાભાગના કેસમાં આ રણનીતી દરેક રાજકીય પક્ષની રહેતી હોય છે. જો કે હર્ષદ પરમાર ને ટીકીટ આપીને પેટા ચુંટણી ભાજપે પોતાના તરફ કરી લીધી છે.


**પશ્ચિમ રેલ્વે**

**પુરવઠો, સ્થાપન પરીક્ષણ અને કમિશનિંગ કાર્ય**

Sr. DSTE/N/MMCT દ્વારા ઇ-ટેન્ડર સૂચના નં.: SG_216_2_114_WA_BL_R આમંત્રિત કરવામાં આવે છે. કાર્ય અને સ્થાન: ADSTE/વલસાડ, વિરાર-સુરત વિભાગ, મુંબઈ વિભાગના અધિકારક્ષેત્ર હેઠળ ખામીયુક્ત/વધુ વયના મિડલાઇફ સિગ્નલિંગ ગિયર્સની વિશ્વસનીયતા સુધારણા અને રિપ્લેસમેન્ટના કાર્ય સાથે સંબંધિત સિગ્નલિંગ વસ્તુઓનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ. કાર્યનો અંદાજિત ખર્ચ: ₹ 2,29,15,807.58/- EMD: ₹ 4,58,400/- સબમિશન તારીખ અને સમય: તા. 27.04.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 27.04.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટની મુલાકાત લો: www.ireps.gov.in 1284

અમને અહીં ફોલો કરો: X.com/WesternRly

# સુરતના બિલ્ડર મહાવીર જૈન વિરુધ્ધ ITM માર્કેટ ગોડાદરામાં બુકિંગ કરાવનારની મિલકત બારોબાર વેચી દેવાના ગુના માટે સુરત પોલીસ કમિશ્નરને લેખિત ફરિયાદ

## માર્કેટોના બાંધકામમાં બ્રોકરોના માધ્યમથી બુકિંગ કરી બિલ્ડર મહાવીર જૈને કરોડો રૂપિયા લઈ હાથ ઊંચા કરી દીધા છે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત શહેરમા રાતોરાત બિલ્ડરો બની જતાં હોય છે. ખેડૂતોની જગ્યાના સાટાખત કે કબજા રસીદ લખાવી તેના ઉપર માર્કેટોના બાંધકામના બોર્ડ મૂકી અનેક લોકોને છેતરતા હોવાના અનેક બનાવો સુરત શહેરમા બનતા આવ્યા છે. મોટાભાગે સુરત શહેરમા માર્કેટના વધુ બાંધકામ થતાં હોય છે. અને બિલ્ડરો પણ રાતોરાત બની જતાં હોવાથી છેતરપિંડીના અનેક બનાવો બની રહયા છે.

એવો જ એક કિસ્સામા સુરત શહેરના ગોડાદરા વિસ્તારમા આવેલ ITM માર્કેટના બાંધકામની વર્ષ ૨૦૧૭ મા જાહેરાત થતાં જ પર્વતપાટિયા, ડુંભાલ સુરતના અને મૂળ રહેવાસી રાજસ્થાનના નરેશે ૨૭૦૦ સ્કેવર ફીટ પાંચમો માળ બ્રોકરોના માધ્યમથી બુક કરાવેલો હતો. અને તે પેટે ત્રણેક ટુકડે રૂપિયા ૧.૫ કરોડ (દોઢ કરોડ)બિલ્ડર મહાવીર જૈનને ચૂકવી આપેલા હતા. આ બિલ્ડર મહાવીર જૈન એક સમયે સુરત શહેરના વરાછા રોડ વિસ્તારમા હીરાબાગ ખાતે એશિયન પેઈન્ટ કલર વેચવાનો ધંધો કરતાં હતા. અને ત્યારબાદ ઘોડદોડ રોડ ઉપર અરિહંત જવેલર્સનો ધંધો શરૂ કરેલ. બાંધકામના ધંધામા કરોડો રૂપિયાની કમાણી અને કરોડો રૂપિયાની છેતરપિંડી સહેલાઈથી થઈ શકતી હોય ગોડાદરા વિસ્તારમા આ ઈસમે ITM માર્કેટનું બાંધકામ શરૂ કરેલ હતું. તેમાં અનેક લોકોએ બુકિંગ કરાવેલું. આમ માર્કેટનું ૩-૪ વર્ષ સુધીમા ખાડા પણ ખોદાયેલા નહીં. ત્યારબાદ બિલ્ડર મહાવીર જૈને જેમતેમ માર્કેટનું બાંધકામ પૂરું કરી સુરત મ.ન.પા માંથી BUC સર્ટિફિકેટ મેળવી લીધેલું અને માર્કેટમા બુકિંગ કરાવનારાઓ પાસે બાકી નાણાંની પઠાણી ઉઘરાણી શરૂ કરવામાં આવેલી. ફરિયાદી નરેશ ના જણાવ્યા મુજબ તેઓએ માર્કેટમા બુકિંગ પેટે રૂપિયા ૧.૫ કરોડ (દોઢ કરોડ) આપેલ હોવા છતાં અને તેઓને નાણાં મળ્યાની લેખિત લખાણ ડાયરીમાં બિલ્ડર મહાવીર જૈને આપેલ હોવા છતાં નરેશ ને નોંધાયેલ માર્કેટની દુકાનની જગ્યા નરેશની સંમતિ વગર કે જાણ કર્યા વગર અન્ય ને વેચી દઈ હાથ ઉંચા કરી દીધા છે. નરેશના જણાવ્યા મુજબ તેઓએ સગાસંબંધીઓ પાસેથી અને અન્ય મિત્રો પાસેથી હાથ ઉછીના નાણાં લઈ આ માર્કેટમા પોતાની કાયમી મિલકત થાય તેવા આશયથી રૂપિયા ૧.૫ કરોડ (દોઢ કરોડ) ભરેલ હતા. પરંતુ નરેશ ને ક્યાં ખબર હતી કે તેના ૧.૫ કરોડ(દોઢ કરોડ) રૂપિયા મહાવીર જૈન લાંબા સમય સુધી વાપરી હાથ ઉંચા કરી દેશે.

નરેશ, બિલ્ડર મહાવીર જૈન ને મળવા વારંવાર પ્રયત્ન કરવા છતાં તે મળી શકતા નથી. નરેશ ITM માર્કેટ જાય તો બિલ્ડર મહાવીર જૈન એન્ટેલીયા ડ્રીમ વેસું ખાતે છે તેમ જણાવી ત્યાં દોડાવે છે. જ્યારે ત્યા જાય તો ત્યાં પણ મળતા નથી કે નરેશનો ફોન પણ રિસીવ કરતાં નથી. મળેલ માહિતી મુજબ આ બિલ્ડર મહાવીર જૈન મોટાભાગે સુરત શહેરમા અસામાજિક તત્વો ધ્વારા બનાવેલ મહાકાલ ગ્રુપની ઓફિસે બેસી રહેતા હોય છે. આમ નરેશે તેઓની સાથે થયેલ રૂપિયા ૧.૫ કરોડ(દોઢ કરોડ) ની છેતરપિંડી અને વિશ્વાસઘાત અંગેની લેખિત ફરિયાદ તા.૦૬/૦૪/૨૦૨૬ ના રોજ શહેરના પોલીસ કમિશ્નરને કરેલ છે.

શહેર પોલીસ ડાયરીના લખાણની ફરિયાદ લઈ આરોપી વિરુધ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ દાખલ કરવા માંગણી કરી છે. સગા સંબંધીઓ મિત્રો પાસેથી જે નાણાં લીધા હતા તે નાણાં લાંબો સમય થતાં તેમના નાણાં વ્યાજસહિત પરત માંગી રહ્યા છે. સામાન્ય રીતે ૧૫ દિવસ કે મહિના માટે જ હાથ ઉછીના હોય શકે. આ નરેશભાઈએ તેનો ધંધો ચાલુ રાખવા માટે દુકાનનું ભાડું ભરવાનું હોય છે.આમ આ વેપારીએ ૦૭-૦૮ વર્ષ પહેલા રોકેલા ૧.૫ કરોડ(દોઢ કરોડ) રૂપિયાની રકમ ફસાઈ જતા મજબુરી વશ પોલીસ ફરિયાદ કરવાની ફરજ પડી છે. આ નરેશભાઈના ભાગીદાર અને સંબંધી રૂપિયા ૧.૫ કરોડ (દોઢ કરોડ) જેવી રકમ અને મિલકત બીજા ને વેચી મારવાના કારણે માનસિક ત્રાસમા વારંવાર મોંઘી હોસ્પિટલોમા સારવાર લેવાની ફરજ પડે છે. તેમજ તેઓને બિલ્ડર મહાવીર જૈન ધ્વારા એન્ટેલીયા ડ્રીમ કે યુટીએમ કે ગૌરવપથ ઉપર ફલેટ લેવા દબાણ કરી રહેલ છે. આમ નરેશભાઈના તો ૧.૫ કરોડ(દોઢ કરોડ) રૂપિયા તો ફસાઈ ગયા છે પરંતુ અન્ય કેટલાના નાણાં ફસાયેલા હશે તેની તપાસ થશે ખરી?

### સુરત મહાનગરપાલિકા ના વોર્ડ નં.૧૯ના આંજણા-ડુંભાલના મતદારોનો આક્રોશ

# વિવાદાસ્પદ કોર્પોરેટર વિજય ચૌમાલનો સ્થાનિકોમા થઈ રહેલો ઘોર વિરોધ BJP ને ડુબાડશે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશભરમા મોંઘવારી, બેકારી અને ગુન્હાખોરીની સાથે સાથે પેટ્રોલ, ડીઝલ, ગેસ ના વધેલા ભાવો અને સર્જાયેલી અછત થી કંટાળેલી જનતા ના વિરોધ વંટોળ વચ્ચે આવનારી SMC ની ચૂંટણીમા ભારતીય જનતા પાર્ટી ધ્વારા બબ્બે ટર્મથી ચૂંટાયેલા વિજય ચૌમાલ ને બદલવામાં નહીં આવે તો ચૂંટણીનું આવનારું પરિણામ કદાચ ભારતીય જનતા પાર્ટી માટે આશ્ચર્યજનક બની રહે તો નવાઈ નહીં રહે? અને એવો જ એક વિવાદાસ્પદ BJP નો ચહેરો એટલે વોર્ડ નં.૧૯ આંજણા-ડુંભાલમા છેલ્લા બે ટર્મથી ચૂંટાતો વિજય ચૌમાલ. આ વિજય ચૌમાલ BJP ની ટિકિટ ઉપર છેલ્લા દસ વર્ષ ઉપરાંતથી ચૂંટાઈને સુરત મ.ન.પા મા વોર્ડ નં. ૧૯ ના મતદારોનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે. ત્યારે હાલમા આવનારી મહાનગર પાલિકાની ચૂંટણીમા જો BJP ધ્વારા વિજય ચૌમાલને ટિકિટની ફાળવણી કરવામાં આવશે તો માત્ર વોર્ડ નં. ૧૯ ના મતદારોનો જ નહીં પરંતુ BJP પાર્ટીના જ અન્ય કાર્યકરો ધ્વારા પણ વિરોધનો ભોગ બનવું પડે તો નવાઈ નહીં.

આ વિજય ચૌમાલ વિરુધ્ધ લાંચ રૂસ્વત માંગવાના કેસ નં. ૯૦/૨૦૨૦ નો કેસ સુરતની કોર્ટમા ચાલી રહેલ છે. જેની અગાઉ તા.૦૪/૦૪/૨૦૨૬ ની મુદત હતી અને આ કેસની આગામી મુદત તા.૦૨/૦૫/૨૦૨૬ છે. જેમાં વિજય ચૌમાલ પોતે વિજય થયા હોય તેવી જાહેરાત કરી વોર્ડના મતદારોને ગેરમાર્ગે અને ભરમાવા કરી રહેલ છે. ખરેખર તો આવી ખોટી જાહેરાત કરવી કોર્ટનો અનાદર છે. જ્યારે કોર્ટમા કેસનો નિકાલ જ ના થયેલ હોય ખોટી જાહેરાત CONTEMPT OF COURT ગણાય. વિજય ચૌમાલ જાહેરમા લોકોને જણાવે છે કે તેઓના કારણે જનતા સલામત છે. તેવા વણગાં ફૂંકી રહેલ છે. હકીકતમા આ વિસ્તારના હિન્દુ કે મુસ્લિમ લોકો ભાઈચારાની ભાવનાથી જીવી રહ્યા છે ત્યારે ખોટી ઉશ્કેરણી કરવી કે લોકોને ગેરમાર્ગે દોરવા એ પણ એક ફોજદારી ગુનો બને છે.

આમ છેલ્લા બે ટર્મથી RSS સંઘ ના વિજય ચૌમાલના ગોડફાધરના ભલામણના જોરે BJP ની ટિકિટ મેળવીને વોર્ડ નં.૧૯ નું પ્રતિનિધિત્વ કરનાર વિજય ચૌમાલ ને જો ચૂંટણીમા ફરી ટિકિટ મળશે તો લોઢાં ના ચણા ચાવવા પડશે અને BJP એ સીટો ગુમાવવાનો પણ વારો આવે તો નવાઈ નહીં એટલી હદે વોર્ડ નં.૧૯ ના મતદારોમા વિજય ચૌમાલનો વિરોધ વધી રહ્યો છે. તેમ છતાં જો RSSના ગોડફાધરો વિજય ચૌમાલ ને ટિકિટ ફાળવવા પાર્ટી ઉપર દબાણ કરશે તો RSS ના માંધાતાઓને પણ જનતાના વિરોધનો સામનો કરવો પડે તો નવાઈ નહીં. આમ સ્થાનિકોમા વિજય ચૌમાલ નો થઈ રહેલો વિરોધનો નીકળતો ધુમાડો આગનો ભડકો બની BJP ને દઝાડશે એ નિર્વિવાદ છે. પણ વિજય ને વિજયની વરમાળા ને બદલે કારમી હારનો સામનો ના કરવો પડે તો નવાઈ નહીં. જો વિજય ચૌમાલનો વોર્ડના મતદારોનો વિરોધ છતાં ઉમેદવાર બનાવામા આવશે તો તેની વિરુધ્ધ અન્ય અપક્ષ ઉમેદવારો તેની સામે ચૂંટણી જંગમા જંપલાવશે એમ જાણવા મળેલ છે.

# જે મળે તે ઘર ભરે બહાર આપે નહી : ચુંટણી ટાંણે જ ખેડા જિલ્લાના ભાજપના પૂર્વ પ્રમુખ વિપુલ પટેલનો ધડાકો

## છાતી ઠોકીને કહુ છું કે મેં રાજકારણમાં રૂપીયા બનાવ્યા : વિપુલભાઈ પટેલ ખેડા જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ-મહામંત્રી હતા

પ્રતિનિધિ,ગાંધીનગર

ખેડા જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પડઘમ વાગી ચુકયા છે. ત્યારે જ અમુલના ડીરેકટર અને ભાજપના પીઢ નેતા વિપુલભાઈ પટેલે એક જાહેર મંચ પરથી કરેલા નિવેદનને રાજકીય આલમમાં ભારે ચર્ચા જગાવી છે.



નડીયાદ ખાતે આયોજીત એરીયા કોલેજીસ રીટાયર્ડ સ્ટાફ એસોસીએશનના રજત જયંતિ મહોત્સવમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત વિપુલભાઈ પટેલે જાહેરમાં સ્વીકાર્યુ હતુ કે હું છાતી ઠોકીને કહુ છું કે મેં રાજકારણમાં રૂપીયા બનાવ્યા છે. વિપુલભાઈ પટેલે નિવેદન આપતા જણાવ્યુ હતુ કે મેં સારામાં સારો ધંધો કર્યો, સારો મોંભો, હોદો મળ્યો, ઘણા રૂપીયા બનાવ્યા, કોઈ નેતા નહી કહે, હું છાતીને ઠોકીને કહુ છું મેં રાજકારણમાં જ રૂપીયા બનાવ્યા છે, આવા નેતા નડીયાદ કે ખેડા જિલ્લામાં નહી મળે, કારણ કે જે મળે તે ઘર ભરે બહાર આપે નહી, આ નિવેદન બાદ ભારે ચર્ચાઓ જાગી છે. એકબાજુ સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો ગરમાવો તો બીજી તરફ રાજકીય નેતાની આ કબુલાત થી ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે.

સામાન્ય રીતે રાજકીય નેતાઓ પોતાની સંપત્તિ કે કમાણી અંગે મૌન સેવતા હોય છે. અથવા તો તેને સેવાના કાર્યો ગણાવતા હોય છે, પરંતુ ખેડા જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ અને પૂર્વ મહામંત્રી રહી ચુકેલા વિપુલભાઈ પટેલના આ નિવેદને સૌને ચોકાવી દીધા છે. નિવૃત્ત કર્મચારીઓના સન્માન સમારોહમાં વકતવ્ય આપતી વખતે તેમણે આ વાત અત્યંત આત્મવિશ્વાસ સાથે કરી હતી. આ નિવેદનનો વિડીયો સોશીયલ મીડીયા પર વાયરલ થતા જ રાજકીય વર્તુળોમાં હડકંપ મચી જવા પામ્યો છે.

વિપુલભાઈ પટેલ ખેડા જિલ્લાના રાજકારણનુ એક મોટુ અને વજનદાર નામ છે. તેઓ ખેડા જિલ્લા ભાજપમાં સંગઠનાત્મક હોદ્દાઓ પર રહી ચુકયા છે અને હાલમાં એશિયાની સૌથી મોટી ડેરી અમુલમાં ડીરેકટર તરીકે કાર્યરત છે. જયારે કોઈ જવાબદાર હોદ્દા પર બેઠેલી વ્યકિત જાહેરમાં આવી કબુલાત કરે ત્યારે તેની અસર પક્ષની છબી પર પણ પડતી હોય છે. આ નિવેદન બાદ લોકોમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. કેટલાક લોકો આને તેમની નિખાલસતા ગણાવી રહ્યા છે કે તેમણે હકીકતનો નિર્ભયતાથી સ્વીકાર કર્યો છે. તો બીજી તરફ રાજકારણમાં પારદર્શકતા અને નૈતિકતાના મુદ્દે સવાલો ઉભા થયા છે. લોકો ચર્ચા કરી રહ્યા છે કે શું રાજકારણ હવે માત્ર રૂપીયા કમાવવાનુ સાધન બની ગયુ છે ?

# રાજકોટના વોર્ડ નં.૧૭ માં ભાજપમાં એકેય ઉમેદવાર ચુંટણી લડવા તૈયાર નથીઃ પૂર્વ કોર્પોરેટરના પતિએ દાવેદારી પરત ખેંચી

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજકોટ મહાનગર પાલિકાના વોર્ડ નં. ૧૭ માં ભાજપમાં ભારે સખળ ડખળ જોવા મળી રહી છે. વોર્ડ ના પૂર્વ કોર્પોરેટર અનિતાબેન ગોસ્વામી અને તેમના પતિ ગૌતમભાઈ ગૌસ્વામીએ દાવેદારી કર્યા બાદ એકાએક હવે સોશીયલ મીડીયામાં એવુ જાહેર કર્યુ છે કે અમે ભાજપમાંથી દાવેદારી પરત ખેંચીએ છીએ, અમારે કે અમારા પરીવારમાંથી કોઈએ ચુંટણી લડવી નથી, આ પ્રકારની જાહેરાતથી ભાજપના વર્તુળોમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. ભાજપ અગ્રણી ગૌતમભાઈ ગોસ્વામીએ અનેક વ્હોટસ એપ ગૃપ માં આ અંગેનો મેસેજ પોસ્ટ કર્યો છે. મેસેજમાં તેમણે જણાવ્યુ છે કે રાજકોટ મહાનગર વોર્ડ નં. ૧૭ માં થી મે ચુંટણી લડવા માટેની પાર્ટી પાસે ઈચ્છા વ્યકત કરી હતી. પરંતુ હવે સ્વેચ્છાએ હું કે મારા પરીવારમાંથી પણ કોઈ ચુંટણી નથી લડવી તેવી લાગણી વ્યકત કરૂ છું અને વોર્ડ નં.૧૭ માં પાર્ટીના જે કોઈ ચાર ઉમેદવાર ટીકીટ ફાળવશે તેને બહુમતીથી જીતાડીશ, ગૌતમ ગોસ્વામી અને અનિતાબેન ગોસ્વામીએ તેવુ મેસેજમાં અંતમાં જણાવ્યુ છે. ઉલ્લેખનીય છે કે આ વોર્ડ ના અન્ય પૂર્વ કોર્પોરેટર વિનુ ધવાની ટીકીટ પણ કપાય તેવી શકયતા હોય, તેણે પોતાના પુત્રને ટીકીટ આપવા માંગ કરી છે. આ વોર્ડ માં ભારે ખેંચતાણ હોય એવી પણ શકયતા છે કે પક્ષ શહેરના કોઈ અન્ય વોર્ડ ના આગેવાનને આ વોર્ડમાં ચુંટણી લડાવે.

# સુરત મનપા ચુંટણી પ્રચારમાં ભાજપ નેતા રહીશોનો રોષ નો ભોગ બન્યાઃ રાંદેર માં રોડ અને ગંદા પાણીના મુદ્દે સ્થાનિકોએ હુરીયો બોલાવ્યો

## શરમ આવે છે ? આ વિસ્તાર ભુલી જજો, વોટ નહી મળે : સુરતમાં ભાજપ નેતાઓ સામે જનતાનો કાળા પાણીનો સત્કાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. રાજકીય પાર્ટીઓ દ્વારા ઉમેદવારોના નામો જાહેર કરવાની સાથે ચુંટણી પ્રચાર પણ શરૂ કરી દીધો છે. ત્યારે રાંદેર વિસ્તારમાં ભાજપના નેતાઓને ચુંટણી પ્રચાર દરમિયાન રહીશોના રોષનો ભોગ બનવુ પડયુ હતું.




સુરત મનપામાં સ્થાયી સમિતિ અધ્યક્ષ રહી ચુકેલા રાજન પટેલ અને પૂર્વ કોર્પોરેટર કૃણાલ સેલર કાર્યકર્તાઓ સાથે રાંદેર સ્થિત ઝંડા ચોક વિસ્તારમાં ચુંટણી પ્રચાર કરવા નિકળ્યા હતા. આ દરમિયાન રહીશોએ તેઓને અટકાવી દીધા હતા. રોડ રસ્તા અને ગંદા પાણી મુદ્દે રહીશોએ રોષ વ્યકત કર્યો હતો. નેતાએ જયારે આ મુદ્દે ફરીયાદ કરવાનુ કહેતા લોકોએ રોકડુ પરખાવ્યુ કે આ અંગે અનેક ફરીયાદો કરી છે. પણ કોઈ નિવેડો આવ્યો નથી, હવે આ એરીયો જ ભુલી જજો, કોઈ વોટ નહી મળે, આ વિસ્તારમાં ગંદા પાણીની સમસ્યાથી રહીશો પરેશાન છે. ભાજપના નેતાઓ જયારે રાંદેર વિસ્તારમાં પ્રચાર માટે ગયા ત્યારે રહીશોએ ડોલમા ગંદુ પાણી લઈને પણ બતાવ્યુ હતું. ઉલ્લેખનીય છે રાજન પટેલ સુરત મહાનગરપાલિકામાં સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન તરીકે રહી ચુકયા છે. તેમના કાર્યકાળ દરમિયાન તેમણે સુરત શહેર માટે કરોડો રૂપીયાના વિકાસલક્ષી બજેટ મંજુર કર્યા હતા. જો કે આ મત વિસ્તારમાં જયારે પાયાની સુવિધાઓ જેવી કે રોડ રસ્તા અને પીવાના પાણીની સમસ્યા વણઉકેલાયેલી જોવા મળી, ત્યારે જનતાએ તેમને આ બાબતે ઘેર્યા હતા. ભાજપના કાર્યકર્તાઓએ જયારે વિડીયો ઉતારતા રહીશોને રોકયા ત્યારે રહીશોએ સ્પષ્ટ કહી દીધુ હતુ કે, વિડીયો તો ઉતરશે જ, હાલ આ વિડીયો સોશીયલ મીડીયા માં વાયરલ પણ થયો છે. રહીશોએ ઉગ્ર રજુઆત કરતા જણાવ્યુ હતુ કે અહીંયા રોડ બન્યો નથી, તમે કોઈ દિવસ પુછવા આવ્યા છો, લાઈન બદલવાની વાત તો અમે છેલ્લા ૨૦ વરસથી સાંભળીએ છીએ, શરમ આવે છે, આ એરીયો જ ભુલી જજો, કોઈ વોટ નહી મળે, આ વિરોધ પ્રદર્શનમાં માત્ર યુવાનો જ નહી પરંતુ વૃધ્ધો પણ જોડાયા હતા, મહિલાઓએ આક્રોશ વ્યકત કરતા જણાવ્યુ હતુ કે ગંદા પાણીને કારણે બિમારીઓ ફેલાઈ રહી છે અને રોડ રસ્તાઓની હાલત એટલી ખરાબ છે કે અવર જવર કરવી મુશ્કેલ બને છે.

# ગુજરાતમાં આમ આદમી પાર્ટીએ તાલુકા પંચાયત ચુંટણી માટે ચોથી જમ્બો યાદી પ્રસિધ્ધ કરી

## ૬૭૧ ઉમેદવારોના નામ કર્યા જાહેર : આણંદ, અમદાવાદ, ખેડા, પંચમહાલ, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા સહિતના જિલ્લાઓમાં ઉમેદવારો જાહેર કર્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી ને લઈને રાજકીય ગરમાવો તેજ બન્યો છે. વિવિધ પાર્ટીઓ દ્વારા પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતારવાની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. આ ક્રમમાં આમ આદમી પાર્ટી ગુજરાત દ્વારા તાલુકા પંચાયતની ચુંટણી માટે ઉમેદવારોની ચોથી યાદી સત્તાવાર રીતે જાહેર કરી છે.

આમ આદમી પાર્ટીની રાષ્ટ્રીય પોલીટીકલ સમિતિ અને ગુજરાત રાજય ચુંટણી સમિતિ દ્વારા ગઈ કાલે રવિવારના રોજ ઉમેદવારોની યાદી બહાર પાડવામાં આવી છે. જેમાં રાજયના વિવિધ જિલ્લાની તાલુકા પંચાયતની બેઠકો માટે કુલ ૬૭૧ ઉમેદવારોના નામની ઘોષણા કરવામાં આવી છે. આ ૬૭૧ ઉમેદવારોના જમ્બો લીસ્ટમાં સમગ્ર ગુજરાતના તમામ ઝોન અને જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા છે. જેમાં મુખ્યત્વે કેટલીક જિલ્લાની વિવિધ તાલુકા પંચાયતની બેઠકોના ઉમેદવારો નકકી કરવામાં આવ્યા છે. ઝોન મુજબ જોઈએ તો મધ્ય ગુજરાત અને ચરોતર માં અમદાવાદ, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, વડોદરા અને મહિસાગર જયારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં રાજકોટ, ભાવનગર, અમરેલી, જામનગર, જુનાગઢ, પોરબંદર, ગીર સોમનાથ, બોટાદ, સુરેન્દ્રનગર, મોરબી અને કચ્છ તો બીજી તરફ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, પાટણ, અરવલ્લી અને ગાંધીનગર તો બીજી તરફ દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, ભરૂચ, વલસાડ, નર્મદા, ડાંગ અને તાપી જિલ્લાની તાલુકા પંચાયતોના ઉમેદવારો જાહેર કર્યા છે.

આમ આદમી પાર્ટી દ્વારા ચુંટણી પૂર્વે જ પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરીને સધન પ્રચાર શરૂ કરવાનો સ્પષ્ટ સંકેત આપી દેવામાં આવ્યો છે. તમામ ઉમેદવારોને આમ આદમી પાર્ટીના નેતૃત્વ દ્વારા આગામી ચુંટણી માટે શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# પહેલા ફી ભરો પછી પરીક્ષાઃ અમદાવાદ વાડજ ની સૌરભ સ્કુલમાં ફી મુદ્દે વિવાદઃ સ્કુલમાં વાલીઓનો હોબાળો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

રાજયમાં આજે સોમવાર થી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૩ થી ૫ ની વાર્ષિક પરીક્ષાઓનો પ્રારંભ થઈ ચુકયો છે. પરંતુ પરીક્ષાના પહેલા દિવસે જ અમદાવાદના નવા વાડજ વિસ્તારમાં આવેલી સૌરભ સ્કુલમાં મોટો વિવાદ સર્જાયો હતો. વાલીઓએ ગંભીર આક્ષેપ લગાવ્યો હતો કે છેલ્લા સેમેસ્ટર ની ફી બાકી હોવાના બહાને ૨૦ કરતા વધુ નાના વિદ્યાર્થીઓને પરીક્ષાખંડની બહાર ઉભા રાખી દેવામાં આવ્યા હતા અને પરીક્ષામાં બેસવા દેવામાં આવ્યા ન હતા. પરીક્ષા આપવા આવેલા નાના ભુલકાઓને અટકાવવા મુદ્દે વાલીઓએ સ્કુલ મેનેજમેન્ટ સામે ભારે આક્રોશ ઠાલવ્યો હતો.

વાલીઓએ એવો પણ દાવો કર્યો હતો કે જે વિદ્યાર્થીઓની ફી બાકી હતી તેમને ત્યારે જ કલાસમાં જવા દેવાયા જયારે તેમના માતા પિતાએ શાળાએ રૂબરૂ આવીને લેખિતમાં કે મૌખિકમાં બાંહેધરી (ખાત્રી) આપી કે તેઓ બાકીની ફી કયારે ભરશે, એક વાલીએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યુ હતુ કે સવારે ૭:૩૦ કલાકે મારી દિકરીનો ફોન આવ્યો અને તેણે રડતા રડતા કહ્યુ કે મને પરીક્ષા આપવાની ના પાડવામાં આવી છે, સ્કુલવાળા કહે છે કે અત્યારે ફી ભરશો તો જ પરીક્ષા આપવા મળશે, અમારી માત્ર છેલ્લા સેમેસ્ટર ની ૬ હજાર રૂપીયા ફી બાકી છે. બાકી આખા વરસની ફી અમે ભરી દીધી છે, માત્ર મારી દિકરી જ નહી, જેની પણ ફી બાકી હતી તે તમામને સવારે ૮:૩૦ કલાક સુધી કલાસની બહાર જ ઉભા રખાયા હતા.

વાલીઓએ વધુમાં કહ્યુ હતુ કે મેં ફોન પર સર સાથે વાત કરી તો તેમણે સાફ શબ્દોમાં કહી દીધુ કે તમારે ફી ભરવી જ પડશે, મેં કહ્યુ કે હું ૨૪ કલાક માં ફી ભરી દઈશ, તમે મારી દિકરી ને પરીક્ષા આપવા દો, જયારે મેં રૂબરૂ આવીને ફી ભરવાની ખાત્રી આપી, ત્યારે જ મારી દિકરીને અંદર જવા દીધી, જેમના વાલીઓ આવીને બાંહેધરી આપતા હતા માત્ર તેમને જ અંદર જવા દેવાતા હતા,




તો બીજી તરફ આ સમગ્ર મુદ્દે સૌરભ સ્કુલના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ તુલ્લિકા શાહે પોતાનો લુલો બચાવ કરતા વાલીઓના તમામ આક્ષેપોને ફગાવી દીધા હતા.

તેમણે જણાવ્યુ હતુ કે આજથી પરીક્ષા શરૂ થઈ છે અને તમામ વિદ્યાર્થીઓ અત્યારે શાંતિથી પરીક્ષા આપી રહ્યા છે, અમે માત્ર એ જ વિદ્યાર્થીઓના વાલીઓને ફોન કર્યો હતો જેમની ફી બાકી છે, એવુ બીલકુલ નથી કે ફી બાકી હોય તો અમે પરીક્ષા ન આપવા દઈએ, કોઈપણ વિદ્યાર્થીને અમે બહાર ઉભા રાખ્યા ન હતા, કદાચ વાલીઓને સમજવામાં કોઈ ભુલ થઈ હશે, જો કે વાલીઓનો આક્રોશ અને વિદ્યાર્થીઓની સવારની મુશ્કેલીઓ સ્પષ્ટ દર્શાવે છે કે ફી મામલે શાળાઓ દ્વારા અપનાવવામાં આવતી આવી કડક નીતિઓ નાના બાળકોના માનસ પર ગંભીર અસર કરી શકે છે.

# પોરબંદરમાં બે બાઈક વચ્ચેની ટક્કરમાં ત્રણ યુવાનોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)પોરબંદર

ગાંધીભૂમિ પોરબંદરમાં આજે વહેલી સવાર રક્તરંજિત સાબિત થઈ છે. શહેરના એરપોર્ટ રોડ પર બે મોટરસાયકલ વચ્ચે સર્જાયેલા ભયાનક અકસ્માતે ત્રણ પરિવારોના વહાલસોયા દીકરા છીનવી લીધા છે. વહેલી સવારે ૫ થી ૬ વાગ્યાના સુમારે બનેલી આ દુર્ઘટનામાં કુલ પાંચ યુવાનો અડફેટે આવ્યા હતા, જેમાંથી ત્રણના કરુણ મોત નિપજયા છે, જ્યારે બે ઈજાગ્રસ્તો જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.મળતી માહિતી મુજબ, એરપોર્ટ રોડ પર બે બાઈક સામસામે ફૂલ ઝડપે આવી રહ્યા હતા ત્યારે તેમની વચ્ચે સીધી અને પ્રચંડ ટક્કર થઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે બાઈક પર સવાર પાંચેય યુવાનો રોડ પર ફંગોળાયા હતા અને ઘટનાસ્થળે લોહીના ખાબોચિયા ભરાઈ ગયા હતા. સ્થાનિક લોકોએ તાત્કાલિક મદદ માટે દોડી આવી એમ્બ્યુલન્સ મારફતે તમામને હોસ્પિટલ ખસેડ્યા હતા.હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ ૨૬ વર્ષીય મિલન બાદરશાહી, ૧૮ વર્ષીય દિપેશ ઢાકેચા અને ૧૭ વર્ષીય વનરાજ ઝાલા મૃત જાહેર કર્યા હતા.અકસ્માતમાં અન્ય બે કિશોર/યુવાનો ઘાયલ થયા છે. જેમાં ૨૪ વર્ષીય પિયુષ કિશોર લોઢારીની સ્થિતિ અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે ૧૪ વર્ષીય પ્રતિક નિલેશ જેઠવાની હાલત હાલમાં સ્થિર છે. માત્ર ૧૭ થી ૨૬ વર્ષની વયના આ આશાસ્પદ યુવાનોના મોતના સમાચાર મળતા જ તેમના પરિવારજનો હોસ્પિટલ દોડી આવ્યા હતા અને હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતા.પોરબંદર પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વહેલી સવારના સમયે કયા કારણોસર આટલી ભયાનક ટક્કર થઈ તે અંગે સીસીટીવી ફૂટેજ અને સાક્ષીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. સોની બજાર અને પંચહાટડી જેવા રહેણાંક વિસ્તારોમાં યુવાનોના અકાળે અવસાનથી માતમ છવાઈ ગયો છે.